
# અધ્યાત્મ

વર્ષ : ૮ અંક : ૬ માર્ચ : ૧૯૮૭



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

## * સદ્ભાવભરી ભેટ *

પ્રભુકૃપાથી અધ્યાત્મને સદ્ભાવભરી ભેટ સાધકો ને વાંચકો મોકલતા રહે છે, એમાં અમે પ. પૂ. માહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાનું દર્શન કરીએ છીએ. છેલ્લે મળેલી ભેટોની વિગત નીચે પ્રમાણે છેઃ-

૧૫૧ શ્રી જે. વી. શાહ, મુંબઇ, તેઓના સદ્ગત પુત્ર શ્રી શરદભાઇના સ્મરણાર્થે.

૧૦૧ શ્રી કૌશલ્યાબેન ધનસુખલાલ પટેલ, બેન મનીષા બી. એસસી. માં પાસ થવાથી.

૧૦૦ શ્રી સુરતના એક સાધક તરફથી.

૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી. મકાન નિમિત્તે.

૨૫ શ્રી દીનેશ પ્રાણજીવન રાણા, સુરત.

૫૧ શ્રી મહેન્દ્ર ભકત, વિદેશયાત્રા નિમિત્તે.

૧૦૧ ડો. શ્રી જે. એમ. શાહ, વડોદરા.

૧૧૧ શ્રી શાન્તાબેન બાબરભાઈ પટેલ, ભાગલ.

૧૦૧ શ્રી રમેશભાઇ તથા શારદાબેન ભકત, કપુરા, શ્રી પાર્થરાજના જન્મદિન નિમિત્તે.

૨૧ એક સાધક તરફથી, કાર્યસિદ્ધ થતાં.

૪૮-૮૦ શ્રીમતી સવિતાબેન યુ. હરગોવન, વેસ્ટવિલે.

૫૧-૦૦ શ્રી મધુસૂદનભાઇ બારોટ, રાજકોટ.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૮ અંક : ૬ છૂટક નકલ ૩-૦૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાતુરામ દુધરેજિયા, શ્રી બાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| અનાસક્તિ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૫ |
| કપૂરાની અનોખી ભાગવત કથા | નારાયણ જાની | ૧૨ |
| ભાવના પૂર્ણ થઇ | મોહનલાલ ભક્ત | ૧૭ |
| અભીપ્સા–પુણ્ય પ્રવાસ–પ્રાપ્તિ | ભાઇલાલભાઇ છાટબાર | ૧૯ |
| ગીત | મધુરમ | ૨૨ |
| સંગ–રંગ | ડૉ. રણજિત પટેલ | ૨૪ |
| આત્માની ઉણપ | વૈદ્ય વી. એમ. મહેતા | ૨૫ |
| નામ હરિનું પ્રેમથી લેજે સદા....! | જગદીશચંદ્ર આચાર્ય | ૨૬ |
| પ્રભુમય જીવન | રમણલાલ શાહ | ૨૭ |
| ઈશ્વર–માયા–જગત | ઈશ્વરભાઈ શાહ | ૨૮ |
| ગીતાગૌરવ | શ્રી અશ્વિનભાઈ પટેલ | ૩૩ |
| ઈશ્વરમાં વિશ્વાસ | ભૂપતરાય ઠાકર | ૩૯ |
| શ્રીરમણ દર્શન | એક અધ્યાત્મ પ્રેમી | ૪૧ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૪૬ |
| પ્રેમાંજલિ | તંત્રી | ૫૪ |
| શું ઈશ્વર મારૂં કામ કરશે ? | રોહિત જાની | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૯ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૮ માર્ચ–૧૯૮૭ અંક : ૬

## અનાસક્તિ

પદ્મ પાણીની વચ્ચે પ્રકટે છે પરંતુ એની અસરથી દેખીતી રીતે જ અલિપ્ત રહે છે. એનાં પત્રોને પાણીની અથવા કાદવની અસર થતી નથી. શ્રીમદ્ ભગવદ્ગીતામાં એની સ્મૃતિ કરાવતાં કહેવામાં આવ્યું છે કે પદ્મપત્ર મિવાંભસા.

અગ્નિને ઉધઈ નથી લાગતી. મહા મણિની પાસે મેલ નથી ટકતો. ચંદ્રની ચારે તરફ અસંખ્ય અભ્રોનાં આવરણો આવે છે. તોપણ ચંદ્રની કે ચંદ્રની ચારૂતા પર એમનો અલ્પ પણ પ્રભાવ નથી પડતો ચંદ્ર અને એની ચારતા એથી અલિપ્ત જ રહે છે. શાસ્ત્રો તથા સત્પુરુષોએ સંસારના વિરોધાભાસી વાયુમંડળની વચ્ચે, પાર વિનાની પ્રતિકૂળ પરિસ્થિતિઓનાં વચ્ચે, એવી રીતે અસંગ રીતે રહેવાનો સંદેશ પૂરો પાડ્યો છે અને એને અનાસક્તિનું નામ આપ્યું છે. અનાસક્તિ મનની અવસ્થા કે ભૂમિકા છે એનો અર્થ પદાર્થોનો બાહ્ય પરિત્યાગ નથી. ઘર, કુટુંબ, પરિવાર–પ્રવૃત્તિને પરિત્યાગીને દૂર–સુદૂરવર્તી સરિતા–પ્રદેશ, ગિરિગહવર અથવા અરણ્યમાં જતા રહેવું એવો પણ નથી. જગતને ધિક્કારવું

અને કર્તવ્યના અનુષ્ઠાનને તિરસ્કારવું એવો પણ નથી થતો. એનો અર્થ તો સૌમાં રહેવું, છતાં પણ સૌથી પર બનીને રહેવું, સૌની વચ્ચે વસવું છતાં પણ હૃદયમાં-અંતરના અંતરતમમાં કોઈને પણ ના વસાવવું, કોઈની મમતા અથવા આસક્તિ ના રાખવી એવો થાય છે. તન સંસારમાં પરંતુ મન પરમાત્મામાં. શ્વાસ સ્થૂલ જટિલ જગતમાં પરંતુ વાસ સૂક્ષ્માતિસૂક્ષ્મ જગતના અધીશ્વરમાં.

પરમાત્માની પ્રીતિ વિના, અલૌકિક આત્મજ્ઞાન વિના, અથવા આત્મ-નિરીક્ષણ વિના, એવી અનાસક્તિનો આવિર્ભાવ નથી થતો. અને થાય છે ત્યારે સાચી સુખાકારી, શાંતિ તથા પ્રસન્નતાની પ્રાપ્તિ સહજ બને છે. જગત જગદીશ્વરની જ લીલા લાગે છે. બાધક બનવાને બદલે સાધક બને છે. પ્રવૃતિ અભિશાપરૂપ નહીં પરંતુ આશીર્વાદરૂપ ઠરે છે.

સમાજમાં ધનની, પદની, પ્રતિષ્ઠાની, સત્તાની, ઐશ્વર્યની, બાહ્ય સુખોપભોગની સ્પર્ધા અને એમાંથી પરિણમનારી આસક્તિ વધી જાય છે ત્યારે સમાજજીવન અસ્થિર, અવ્યવસ્થિત, અશાંત બને છે. એને સ્વસ્થ, સુવ્યવસ્થિત, શાંત રાખવા માટે પ્રત્યેક વ્યક્તિએ પોતપોતાના સ્થાનમાં સમ્યક રીતે શ્વાસ લેતાં અનાસક્ત રહેવાનો પ્રયાસ કરવો જોઇએ. આરંભમાં એવો પ્રયાસ કરવો પડે છે અને આગળ પર એ પ્રયાસ સહજ બને છે.

આસક્તિ બંધન છે. અનાસક્તિ જીવનમુક્તિની કલ્યાણ કેડી છે.

— યોગેશ્વરજી



# શ્રી યોગેશ્વર કથામૃત

—મા શ્રી સર્વેશ્વરી

તારીખઃ-૧૨/૮/૧૯૮૦ મંગળવાર શ્રાવણ સુદ બીજ. વિ. સ. ૨૦૩૬.

સ્થળઃ-શ્રી જીતુભાઈ ગાંધી, ૫૫-અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા.

પૂ.શ્રી વ્યાયામ, માળા, ગીતાવાંચનમાંથી નિવૃત્ત થયાં. સવારે ૮/૩૦ વાગે દ્વાર ઉઘડ્યું. પૂ શ્રી સોફા ઉપર બેઠા છે. ઘરના સૌ સભ્યો પ્રણામ કરવા પધારે છે. પૂ.શ્રી મુંબઇના એક ભક્ત જેને અનિદ્રા સતાવે છે તેની વાતો કરતાં કહે છે, “માણસ જેવુ કરે તેવાં ફળ ભોગવે છે. જે અતિશય વ્યભિચારી, વ્યસની બની ગયો હોય તેને યુવાનીમાં તો ખબર ન પડે પણ શરીર ઘસાતું જાય ત્યારે એ બધાં કર્મનાં ફળો ભોગવવાં જ પડે છે. ત્યાં સંતોના આશીર્વાદ પણ કેટલું કામ કરે ? શેઠની શિખામણ ઝાંપા સુધી ! ટેવ પડી હોય તે જાય ખરી ? કોઈકને સંતની શિખામણ લાગી જાય.

ખોરાકમાં બફાયેલા ચણાનો ઉપયોગ થાયતો શક્તિ-શાળી બની શકાય છે, એવી વાત પણ કરી.

રોજના નિયમ પ્રમાણે શ્રી જીતુભાઇના બન્ને બાળકોને પૂ.શ્રી પૂછે છે. જપ કર્યા ? ગીતા વાંચી ? કસરત કરી ? બાળકો પોતાની રીતે જવાબ આપે છે.

હવે એકાદ દિવસમાં અમદાવાદ જવાનું હોવાથી પૂ. માતાજીને માટે વીટામીનની ટીકડી ને ઇન્જેકશનો પૂ.શ્રી મંગાવે છે. માતૃભક્ત મહાત્માનો માતૃપ્રેમ એમાં જણાંઈ આવે છે. અમદાવાદ જવા કયારે નીકળવાનું છે એ પ્રશ્નના

ઉત્તરમાં પૂ.શ્રી કહે છે; "આજે જગદંબાને પૂછીશું, ઉતાવળ નથી."

નાની નાની વાતોમાં પણ પરમશક્તિની ઇચ્છાનુજબ ચાલવાની પૂ.શ્રીને ટેવ છે. પરંતુ એ ટેવ પાછળ પરમ-શક્તિની ઇચ્છા જાણી લેવાની સિદ્ધિ પૂ.શ્રી પાસે છે જોકે એ સિદ્ધિ કઠોર સાધનાને અંતે આવી છે.

દરરોજની જેમ લેખનકાર્ય માટે પૂ.શ્રી પેન-કાગળો લઇને બેસી ગયા છે. લખતાં પહેલાં પરમશક્તિ પાસે દરરોજ આજ્ઞા માંગે છે. એ રીતે આજ્ઞા લઇ પૂ.શ્રી લેખન કાર્ય શરૂ કરી દે છે.

અગિયાર વાગ્યે પૂ.શ્રીનો દરબાર ભરાય છે. સૌ પ્રથમ રાજુભાઇ આવે છે. એવું લાગે છે કે આજે એકલા અટુલા સાધક રાજુભાઇ જ હાજર હશે કે શું? પણ ત્યાં તો બે નાની બેનો ત્રણ મોટી બેનો પાંચેક ભાઇઓ ક્રમેક્રમે આવીને બેસે છે. શંકા સમાધાન શરૂ થાય છે.

ગઇ કાલે સાંજની બેઠકમાં એકભાઇએ પ્રશ્ન ખૂબ સુંદર પૂછ્યો હતો.

એકભાઇઃ-ભગવદ્‌ગીતા તરફ પૂજ્યભાવ બતાવવા ગીતા-માતાની મૂર્તિ બનાવી મંદિરો ઉભાં થાય છે એ કેટલે અંશે યોગ્ય છે?

પૂ.શ્રીઃ-બધા પોતાની ભાવના પ્રમાણે કરતા હોય છે. વિદ્યાનંદજીમહારાજે ગીતામંદિરો બનાવવાની પ્રવૃત્તિ કરેલી, વેદના પણ મંદિરો ઊભાં થયાં છે. ગંગા ને જમનાની પણ મૂર્તિઓ થઇ છે. ઉપનિષદો કે દર્શનશાસ્ત્રોની મૂર્તિ બનાવતા નથી. રામચરિતમાનસનું પણ બનારસમાં સંગેમરમરનું સુંદર મંદિર છે. એમાં શ્રીરામની મૂર્તિ અને આંખુ રામાયણ ભીંત ઉપર લખેલું છે. આજકાલ તો બેન્ક ખોલવા કરતાં એક



મંદિર ખોલવું કલ્યાણકારક થઇ પડે છે. બેન્કમાં તો લોકો પૈસા મુકવાને લેવા પણ આવે જ્યારે મંદિરોમાં તો જે આવે તે મૂકતા જ જાય. બેન્કમાં તો હડતાલ કે રજાપણ હોય, પણ મંદિરમાં તો એ પણ નહીં.

આજે પ્રશ્નોત્તરી શ્રી વિનુભાઇ અમીન નાળિયેર લાવ્યા તેના ઉપરથી શરૂ થઈ છે.

પ્રશ્નઃ-ભગવાન, ભેટ મૂકે તો તે જૂએ છે ખરા?

પૂ.શ્રીઃ-હા, ભક્ત જ્યારે તે ભેટ ભગવાન પાસે મૂકે ત્યારે જ નહીં, પણ એ ખરીદે ત્યારે કેવું સસ્તું, કેવા ભાવથી ને ક્યાંથી ખરીદે છે તે બધુ જ જોયા કરે છે.

શ્રી વિનુભાઈ અમીનઃ-સંતોને ફૂલ ધરીએ તે તેમના હાથમાં, ચરણોમાં કે મસ્તક ઉપર ધરવું જોઇએ?

પૂ.શ્રીઃ-સંતો કે પ્રભુના ચરણોમાં જ ફૂલ મૂકવા યોગ્ય છે. ઘણીવાર ફૂલો-માળીને ત્યાંનાં દુષિત પાણી વાળાં આવે છે.

પ્રશ્નઃ-અલ્હાબાદ ત્રિવેણી સંગમ ઉપર સ્નાન કરીને દાન વગેરે આપવું યોગ્ય છે?

પૂ.શ્રીઃ-ભાવના હોય તો આપો. પણ એના કરતાં ત્યાં તીર્થસ્થાનોમાં પ્રભુની પ્રાર્થના જ કરવી અને તમે જ્યાં રહેતાં હો ત્યાં આજુબાજુ કોઈ યોગ્ય ને અભાવ વાળાને મદદ કરો. ધર્મને નામે પંડાઓ ઘણું બધુ પચાવી લેતા હોય છે.

પ્રશ્નઃ-સંતો કે મંદિરો માટે દરરોજ ફૂલના હાર લઇ જવા કરતાં પૈસાની મદદ કરીએ તો યોગ્ય છે કે કેમ?

પૂ.શ્રીઃ-ફૂલહાર કરતાં એકાદ ફૂલ ભાવના હોય તો લઇ જવું. ફૂલહાર કરતાં પૈસા યોગ્ય છે. પૈસા બગડે નહી અને સદ્‌ઉપયોગ થાય. હું તો પોતે ઇચ્છું છુ કે સાધારણ સ્થિતિ વાળા પણ અહીં પૈસા ન આપે કારણ અમારા કરતાં સંસારી-ઓને પૈસાની વધુ જરૂર હોય છે.

પ્રશ્નઃ-વિધિસર બાહ્યપૂજા કરતાં માનસિક પૂજા ઉત્તમ ગણાય કે નહીં ?

પૂ.શ્રીઃ-માનસિક પૂજા શ્રેષ્ઠ છે પણ તે ભૂમિકા ઉપર પહોંચવા શરૂઆતમાં બાહ્યપૂજા જરૂરી છે. પણ એ બહારની પૂજા પણ બહુ આડંબર વાળી નહીં, સાદી જ કરવી.

એક બેન : શિવરાત્રિને દિવસે ભગવાન શંકરને ભાંગ શા માટે ચઢાવે ? શું ભગવાન ભાંગ પીએ છે ?

પૂ.શ્રીઃ-ના, ભકતોને પીવા જોઈએ એટલે ભગવાનને પણ ધરાવે છે. કૈલાસ ઠંડો પ્રદેશ એટલે ગરમી લાવવા ભાંગ જરૂરી માની હશે. બધાં વ્યસનો, બધાં અનિષ્ટો ધર્મને નામે ભગવાનને પોષાતા જાય છે. ભગવાને તો ભાંગ જ શા માટે, ઝેર પીધું એમ શાસ્ત્રોમાં આવે છે. પોતાની યોગશક્તિથી એ ઝેર અમૃત કરી દીધું. તો ભકતોને પીવું હોય તો ઝેર પીએ. એમ કોઈ મહાપુરુષ એવું કરે તેથી આપણે કરવું એવું થોડું ? ભગવાન કૃષ્ણે રાસલીલા કરી પણ તેનો હેતુ, સમય, સંજોગો શકિત જુદાં હતાં. એ જોઈને લોકો કરવા જાય તો તે રાસલીલા નહીં વિલાસ લીલા થઈ ગણાય.

સમય થઈ ગયો. પ્રસાદ લઈ ભકતો છૂટા પડ્યા. આજે પૂ.શ્રીએ રાબ બનાવડાવી હતી. જેથી ભોજનમાં વિશેષ કરીને રાબ લીધી. ભોજન બાદ આજે છાપાં વાંચવાને બદલે બે પત્રો શ્રી વિનુભાઇ અમીનને લખાવ્યા. બપોરે છેક ૨ વાગ્યે પેપર વાંચવાનું શરૂ કર્યું. પલંગ ઉપર આરામ સાથે દેશની વર્તમાન સ્થિતિની માહિતી જાણવાની પ્રવૃત્તિ શરૂ કરી. પેપરો વહેલી સવારે આવી જાય છે, છતાં તે સવારે જ વાંચવા જેવાં જરૂરી નથી એમ પૂ.શ્રી માને છે. સવારનો કિંમતી સમય તો પ્રભુ-સ્મરણમાં જ વીતાવવો જરૂરી છે.



એ જ રીતે પૂ.શ્રી ઉપર આવતા પત્રો પણ બપોરે ભોજન બાદ જ પૂ.શ્રી વાંચવાનો આગ્રહ રાખે છે. પૂ.શ્રી કહે છે કે કોઈપણ પત્રો એટલા બધા જરૂરી નથી કે જે તરતજ વાંચવા પડે આવી નાની નાની બાબતોમાં પણ પૂ.શ્રીનો સંયમ કેવો છે, તેનાં દર્શન સહેજે થયા કરે છે.

સાંજે ૬ થી ૬-૨૦ પૂ.શ્રી માળા સાથે જપ કરતાં બહાર લોબીમાં આંટા મારે છે. આજે સત્સંગમાં સૌને ૧૦ મિનિટ જલ્દી ઉપર આવવાની સૂચના આપી, જેથી ભકતો આવી ગયા છે. પ્રણામ કરી સૌ સૌની જગ્યા લઇ લે છે. પૂ.શ્રીની આજ્ઞાથી જીતુભાઇની પુત્રી કલ્પુ વરદ હસ્ત ભજન ગાય છે. ત્યારબાદ શ્રી રાજુભાઇની ઇચ્છાથી પૂ.શ્રીના જૂના ભક્ત ભાઇ શ્રી મૂળશંકરભાઇને પૂ.શ્રી વિષે કંઇક અનુભવો કહેવાનું સૂચન થાય છે. શ્રી મૂળશંકરભાઇ પૂ.શ્રીમાં રહેલી સરળતા, સાદાઈ, જ્ઞાનની વાતો કરે છે. ત્યારબાદ શ્રી કુંદનબેન રાણાએ પણ પૂ.શ્રીની સાથે પરિચયમાં કેવી રીતે આવ્યાં તેની વાતો કરે છે. પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

પ્રશ્નોત્તરી શરૂ કરાવે છે એ શબ્દ પ્રયોગ યોગ્ય ગણાશે. કારણ પૂ.શ્રી જેવા સમર્થ મહાનપુરુષને કોઈ ઝટ પ્રશ્ન પૂછતા નથી. એટલે પૂ.શ્રી કાયમ જ કહે છે કે જેને પ્રશ્ન પૂછવા હોય તે પૂછો. એટલે ત્યાર પછી જ દરરોજ પ્રશ્નો ચાલુ થાય છે. એક પ્રશ્ન પૂછાય એટલે પછી સૌ એકમેકથી હિંમત કેળવી પ્રશ્નોની વણઝાર શરૂ થાય છે.

પ્રશ્નઃ-મૌન રાખીને જપ કરું તો વિચારો ઘણા આવે તો શું કરું ?

પૂ.શ્રીઃ-વચ્ચે વચ્ચે જપ કરતાં કરતાં શ્વાસને રોકવાનો પ્રયત્ન કરો અથવા જીભ ઉલટી કરીને જપ કરો.

પ્રશ્નઃ-અનુષ્ઠાન કરીએ ત્યાર પછી હવન-હોમ જરૂરી છે ?

પૂ.શ્રીઃ–ના, હવન હોમ જરૂર નથી. પરંતુ અનુષ્ઠાન પહેલાં, અનુષ્ઠાન કરતાં કરતાં ને અનુષ્ઠાનને અંતે હવન જરૂરી છે પણ તે કેવાં ? આપણામાં રહેલા અમંગલ વિચારો, સ્વાહા ( પૂ.શ્રી બોલવાની રીત બદલીને ગાતા ગાતા જવાબ આપે છે જાણે વિધિપૂર્વક યજ્ઞ કરાવનાર કોઇ બ્રાહ્મણ શ્લોક બોલી રહ્યા હોય એવું લાગે છે ) વાસના દેવી સ્વાહા, શરીરની લાલસા સ્વાહા, ભળતા ખ્યાલો સ્વાહા, આવાં હવન જરૂરી છે.

( ભકતો એ વાતને ખૂબ આનંદ પૂર્વક હસાહસ કરીને વધાવી લે છે. )

પ્રશ્નઃ–જપ કરતાં કરતાં વિચારો જે આવે તેને તટસ્થતાથી જોતાં શીખવું કે વિચારોને વાળવા કે શું કરવું ?

પૂ.શ્રીઃ–તટસ્થતાથી જોવાની પણ શું જરૂર ? મંત્ર જપમાંજ મન લગાડો. આપણે ત્યાં કોઈ મહેમાન આવે તેને જોવા પ્રયત્ન કરીએ તો તેને બેસાડવાનું, આગળ વધતાં ચ્હા પાણી, ખાવાનું, રાખવાનું મન થાય, પણ એ મહેમાનોની સામેજ ન જોઇએ તો મહેમાન રહે ખરા ? તેમ વિચારોરૂપી જે મહેમાનો આવે છે તેને જોવાની જો ટેવ પાડશો તો તે મહેમાનો રહેશે. વિચારોના મહેમાનોનું ધ્યાન ન રાખો તો તે જતા જ રહે છે, સમજ્યા ?

આજે અન્ય પ્રશ્નો હતા પણ મહત્ત્વના જ પ્રશ્નો પ્રેરક હતા જેથી ટૂંકી નોંધ તૈયાર થઇ. સમય થઈ ગયો. એટલે પ્રાર્થના પછી પ્રસાદ ને પછી ભકતોએ વિદાય લીધી.

પૂ શ્રીએ રાત્રિનું ભોજન પરદેશ પ્રવાસ પછી છોડી દીધુ છે,–છૂટી ગયું છે. પરદેશમાં એક જ વાર ભોજનની ટેવ હોવાથી તે હજી પણ ચાલુ જ રહી છે. આજે પૂ.શ્રી એ હળવો નાસ્તો દૂધ ને કેળાં લીધાં.



આજે પૂ. માતાજી માટે દવા મંગાવી છે. અમારા પ્રેમી યજમાન શ્રી જીતુભાઈએ એના પૈસા, ખૂબ આગ્રહ કર્યો છતાં ના લીધા પૂ.શ્રીએ પાછળથી કહ્યું કે આ નવા પરિચિત છે, હજી તો હમણાંજ પરિચય થયો છે છતાં કેવી શ્રદ્ધા ને કેવી સેવાભાવના છે ! વળી, પરમશક્તિ પાસેથી આજ્ઞા મેળવી લીધી એ મુજબ અમદાવાદ જવાની અને ભાવનગર જવાની વાતો થાય છે. ત્યાં ભાવનગરના પ્રેમી જૂના સાથીદાર શ્રી ભાઇલાલભાઈની ઉદારતાની વાતો પણ કરે છે.

રાત્રે ૧૦ વાગ્યે પૂ.શ્રી આરામ કરે છે.

( ક્રમશઃ )

## એપ્રિલ, ૮૭ના અંક વિષે

પૂ.શ્રીની પુણ્યતિથિ નિમિત્તે મસૂરી જવાનું હોવાથી એપ્રિલ, ૮૭નો અંક ત્રણ ચાર દિવસ મોડો થવાનો સંભવ છે, જેની ગ્રાહકોએ નોંધ લેવી.

—તંત્રી

# કપૂરાની અનોખી ભાગવતકથા

નારાયણ હ. જાની

કપૂરા ગામમાં તા. ૭/૨ ૮૭ થી ૧૪/૨/૮૭ સુધી જાહેર ભાગવત સપ્તાહ આયોજાયેલી. આયોજકોના બે પ્રતિનિધિ પૂ.માશ્રી સર્વેશ્વરીને આમંત્રણ આપવા ખાસ આવ્યા. પ.પૂ મહાત્માશ્રી યોગેશ્વરજીની અનુમતિ મેળવી, પૂ.માએ આ સપ્તાહમાં સાતેસાત દિવસ પોતે હાજર રહેશે એવું જણાવતાં આમંત્રણ આપવા આવેલ ભાઈઓ ખૂબ રાજી થયા, કારણકે કપૂરા ગામનાં ભાઇબહેનોની એ સમજ છે, કે પૂ.મા સર્વેશ્વરી એક ઉચ્ચ આધ્યાત્મિક સ્ત્રી તપસ્વી સંત છે અને એથી એમના પ્રત્યે ખૂબ આદર ને પૂજ્યભાવથી સહુ જુએ છે, વંદે છે.

આ સપ્તાહનું આયોજન ગામના એક સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગી ભાઇના સ્વર્ગવાસી પિતાના સંકલ્પના પરિણામે થયું. પરંતુ ગામના સમગ્ર ભક્ત સમાજે તેને પોતાનું ગણી બધાંજ ધાર્મિક મતમતાંતરો ભૂલી, સમગ્ર ગામના સાર્વજનિક ઉત્સવનું રૂપ આપ્યું. એટલું જ નહિ પરંતુ ગામની બહેનો પણ ઘર આંગણાની આ જ્ઞાનગંગાનો લાભ મેળવી શકે તે માટે સાર્વજનિક રસોડે જ જમવાનું; તે ઉપરાંત કથા સાંભળવા બહાર ગામથી આવતા મહેમાનોને પણ ચા દૂધ કોફીથી માંડી, બે વખત જમવાની પણ બધીજ સુવિધા, ખૂબ સરસ રીતે ગોઠવેલી.

કથાના અને ભોજનના અલગ અલગ મંડપો. કથા મંડપમાં વ્યાસપીઠ સામે ભાઈઓની બેઠક, તેની પાછળ બહેનોની



સંપ્રદાયની પરંપરાગત પ્રણાલિ જળવાયએ રીતની બેઠક વ્યવસ્થા.

અક્ષર પુરુષોત્તમવાળા પ.પૂ. પ્રમુખ સ્વામીના શિષ્ય–શ્રી પ્રેમસ્વરૂપદાસ સ્વામી વ્યાસપીઠ ઉપર બિરાજવાના. વિશેષમાં ચાર દિવસ માટે ખૂદ પ.પૂ. શ્રી પ્રમુખ સ્વામી પણ કપૂરામાં વિરાજી, શ્રોતાઓને ઉદ્બોધન કરવાના. પરિણામે લોકોમાં ખૂબ ઉત્સાહ અને આનંદ.

પ્રથમ નજરે લાગે કે આ કોઇ સાંપ્રદાયિક આયોજન હશે. પરંતુ કથા શ્રવણ પછી એ ભ્રમ દૂર થઈ જાય.

પ.પૂ. માશ્રી સર્વેશ્વરીએ અમને પત્ર લખી જણાવ્યું, "કપૂરા આવો, ભાગવત સપ્તાહ છે, પ.પૂ. શ્રી પ્રમુખસ્વામી પધારવાના છે, અને અમે પણ સાત દિવસ કપૂરા છીએ".

આ પત્ર આવ્યો ત્યારે અમારૂં શરીર થોડું અસ્વસ્થ હતું. વળી મહિના પહેલાંજ અમે હરદ્વાર જઈ આવેલા. એટલે પરિવારના સભ્યોને પણ થાય કે આવી તબીયતે પાછી કાં દોડાદોડી !

કોણજાણે કેમ પણ અમને એવું આંતરિક ખેંચાણ થયું કે અમે કપૂરા જવા નક્કી કર્યું. આ બધા સાંસારિક વિકલ્પોને બાજુએ હડસેલી. એનાથી અમને ખરેજ લાભ થયો. પાછળથી અમે જાણી શકયા કે પૂ. ગુરુદેવે કરેલી એ પ્રેરણા અમારા માટે ખરેખર મંગલમય પૂરવાર થઈ.

હું અને મારાં પત્ની કપૂરા ગયાં. કથાના બે દિવસ પછી અમે પહોંચેલાં. પ્રથમ બેઠકે જ અમને લાગ્યું કે વ્યાસપીઠ ઉપર વિરાજેલ વક્તા ખરેખર વિદ્વાન અને ભક્તિભાવ સંપન્ન છે. ભાગવત કથાના પ્રસંગોને લઇને લોકભોગ્ય ભાષામાં,

સુંદર ઉદાહરણો સાથે તેઓ ભાગવત કથાનો મર્મ સમજાવતા. એથી સર્વે શ્રોતાઓનો રસ એકસરખો જળવાઇ રહેતો. સવારસાંજની છ કલાકની કથામાં આવનાર ભાઇઓ બહેનો-માંથી વચ્ચેથી ભાગ્યેજ કોઈ ઉઠતું. કથામાં સંપૂર્ણ શિસ્ત ને શાંતિ જળવાતાં. એટલે કથા સાંભળવાનો આનંદ સહુ માણી શકતા.

પૂ.શ્રી પ્રેમસ્વરૂપદાસજીની વિદ્વત્તા ને અદ્‌ભુત સ્મૃતિ માટે અમને માન થયું. પોતે સ્વામિનારાયણ સંપ્રદાયના ત્યાગી ભગવાંધારી સાધુ હોવા છતાં, એમના વક્તવ્યમાં કયાંય સંકુચિત સાંપ્રદાયિકતા ન જણાઈ. ભાગવતના દરેક સ્કંધમાં એમણે ભગવાન અને ભગવાનના સંતોનો મહિમા જ સરસ રીતે દર્શાવ્યો. એમના વક્તવ્યનો પ્રધાનસૂર એકજ હતો. પ્રભુને પામવા હોય તો પ્રભુના સંતોને સેવો, એમની આજ્ઞા પાળો, જીવન પવિત્ર અને વ્યસન રહિત બનાવો, જીવનમાં ભોગને નહિ, પણ ત્યાગને અપનાવો. કેવળ પોતાના કે પરિવારને માટે જીવવા સાથે, કોઈકને ઉપયોગી પણ થાઓ. દયા અને દાનને જીવનમાં સમજપૂર્વક આચરો. ભગવાન બેચાર નથી; એકજ છે. એ પૂર્ણપુરુષોત્તમને પામવા હોય તો એમના પ્રતિનિધિ જેવા સંતોનો સત્સંગ કરો. સત્સંગ જ માયાના મળને દૂર કરવામાં સહાયભૂત થાય છે.

ભાગવત કથા સાથે વ્યસનમુક્તિ માટે ખાસ આગ્રહ. સત્સંગીઓમાં વ્યસન ન શોભે. એમાંથી જેટલા વહેલા છૂટાય એટલો જીવને લાભ. જે મુખથી પ્રભુ ભજન થાય, એ મુખ-માં વ્યસનને કેમ રખાય? અમારાજ ઇષ્ટને માનો એવો કોઈ આગ્રહ નહિ. જેને પણ માનતા હો, જેનામાં શ્રદ્ધા ને વિશ્વાસ હોય તેને પૂરા પ્રેમથી અપનાવો. જીવન ઉર્ધ્વવિકાસ



માટે છે, અધઃપતન માટે નથી.

આમ જીવનને શુદ્ધ, પવિત્ર, પરોપકારી ને પ્રભુપરાયણ બનાવવાની જ વાત એમના મુખેથી વહેતી. આ વાત-એમના વ્યક્તિગત જીવનની સાથે તાલમેલ મીલાવતી જણાય. સાદાં ભગવાં બે વસ્ત્રો ને ભગવો પાઘ, માથે મૂંડણ, યુવાન વય છતાં નમ્ર, વિદ્વાન છતાં પોતાના ગુરુમાં ને ઈષ્ટમાં સંપૂર્ણ શ્રદ્ધા, વડીલો પ્રત્યે આદર, પૂર્ણ ત્યાગી બ્રહ્મચર્યસેવી છતાં સંસારીઓ પ્રત્યે કોઈ તિરસ્કાર નહિ. અને સૌથી મોટીવાત પ.પૂ. માશ્રી સર્વેશ્વરી જેવાં ત્યાગી સ્ત્રી સંત પ્રત્યે ઉદાર અને આદરયુક્ત પૂજ્યભાવ. એથીજ એમણે પ્રથમ દિવસે પૂ.માનું આસન બહેનોની બેઠક વચ્ચે હતું તે ફેરવવા સૂચવ્યું. "પૂ.મા ત્યાગી છે. એમનું આસન સંસારીઓ વચ્ચે ન શોભે. અલગ અને ઊંચું આસન ગોઠવો. એ રીતે પૂ.માનું આસન એક બાજુ ઉંચા સ્થાન ઉપર ગોઠવવામાં આવ્યું.

ત્યાગી જીવન નિહાળવું એક વાત છે, ને નીભાવવું, આચરવું બીજી વાત છે. એમણે સરસ રીતે કહ્યું, સંસારમાં લોકો 'મેચીંગ' શોધે છે સાથીની પસંદગીમાં, કપડામાં, ખાવામાં, ઘરના ફરનીચરમાં, અરે ઘણી બધી બાબતોમાં; પરંતુ અમારે તો મેચીંગ ને બદલે 'મીકસીંગ'. ખાવાનું ભલે મેચીંગ કરી ખાઓ, પણ પેટમાં મીકસીંગ થાય. અમે પહેલેથી જ મીકસીંગ કરીને ખાઇએ. જે પેટમાં થવાનું છે, એને પહેલાંજ ભેગું કરી લઇએ" કેવી સરસ વાત!

કપૂરાના ભાવિક ભક્તો-શ્રી રમણભાઇ ભક્ત, શ્રી સીતા-રામભાઈ અને બીજાઓ શ્રી પ્રેમસ્વરૂપદાસ અને બીજાઓને પૂ.માશ્રી સર્વેશ્વરી અને તેમના તપ-ત્યાગ વિષે વાતો કરતા

એટલે પ.પૂ.શ્રી પ્રમુખસ્વામીના આગમન પછી તા. ૧૨/૨ના રોજ પૂ.માની આજ્ઞાથી તેઓના વતી અમે તેઓને વંદન અને પ્રણામ કહેવા વિચાર્યું. અમને હતું કે તેઓ તો એક મોટા સંપ્રદાયના વડા, અમને એમને પ્રત્યક્ષ મળવાનો સમય થોડો મળવાનો ?

પરંતુ સદ્દભાગ્યે એ સમય અમને મળ્યો. સાંજના લગભગ ૪-૪૫ મિનિટે અમે એમને પ્રત્યક્ષ મળ્યા. જીવનમાં અમારા માટે આ રીતે પ્રત્યક્ષ મળવાનો પહેલો પ્રસંગ હતો.

અમારા ગુરુ પ.પૂ. યોગેશ્વરજીના જીવન, સાધના અને કાર્ય વિષે થોડી વાતો કરી અને પૂ.માશ્રી સર્વેશ્વરીના તપ વિષે તેમજ અધ્યાત્મ માસિક વિષે એના થોડા અંકો આપી, વાત કરી. પૂ.માના તપની વાતો વિગતે સાંભળી, એમણે પણ એને અદ્દભુત કહ્યું. પૂ.માની સાધના પ્રભુ પૂર્ણ કરશે એવા મંગલ આશીર્વચનો પણ કહ્યાં. પૂ.માનું શરીર-સ્ત્રી શરીર હોવાથી સંપ્રદાયની મર્યાદા પ્રમાણે પૂ.મા તેઓની સન્મુખ ન જઈ શકે એ સ્વાભાવિક હોવાથી આ મહાન સંતે પોતાની શુભ લાગણી અમારા આગળ અને બીજાઓ સમક્ષ વ્યક્ત કરી. અમારા જીવનનો એ યાદગાર દિવસ બની ગયો. જાણે કપૂરા આવવાનું પ્રયોજન સફળ થયું.

પૂ.શ્રી વિવેકસાગર સ્વામીએ પણ પ.પૂ.શ્રી યોગેશ્વરજી અને પૂ.માશ્રી સર્વેશ્વરીના સાધનાના પ્રસંગો રસપૂર્વક સાંભળ્યા અને પ્રસાદીરૂપે ફોટાઓ પણ આપ્યા.

આ ભાગવત સપ્તાહ અમને ગમી કારણ કે તેના વક્તા વિદ્વાન છતાં ત્યાગી સંત હતા. એમને વ્યક્તિગત રીતે કંઈ લેવાની સ્પૃહા નહિ. વળી પોથી ઉપર કેટલા મૂકશો એવા

( અનુસંધાન ૫૩ ઉપર )



# ભાવના પૂર્ણ થઇ

**મોહનલાલ ભક્ત**

પૂ. માની એવી ભાવના થઈ કે અમે જ્યાં રહીએ છીએ તે બેનના ઘરે પ. પૂ. શ્રી પ્રમુખસ્વામી પગલાં કરે તો કેવું સારું ? પૂ.માની આ ભાવના ભક્તો દ્વારા પૂ. શ્રી પ્રમુખ સ્વામીને પહોંચાડવામાં આવી. તો એ વૃદ્ધ મહાપુરુષે જે શબ્દો કહ્યા તે એમની ઉદારતાના ભારે સૂચક છે. "પૂ.માએ સાત દિવસ નિયમિત રીતે અમારી ભાગવત કથા સાંભળી, તો અમે એમના ઉતારા ઉપર પંદર મિનિટ કેમ ન આવીએ ? જરૂર આવીશું."

ઉતારા ઉપર એમને જે હાર પહેરાવવામાં આવ્યો તે પ્રસાદીરૂપે પૂ.શ્રી પ્રમુખસ્વામીએ પૂ.માને મોકલાવ્યો.

આ પ્રસંગે પ.પૂ.શ્રી પ્રમુખસ્વામીએ જે સરળ ઉદ્દગારો કાઢ્યા તે આ પ્રમાણે હતાઃ-

પૂ.માએ લખેલ પત્રના અનુસંધાનમાં તેઓએ કહ્યું, "પૂ. માની પ્રાર્થના વિનંતી વાંચી. તમે મારા વતી માને આ હાર પહેરાવી આવો, જેથી રૂડું જ થશે અને કહેજો મહાત્માશ્રી યોગેશ્વરજી ગયા નથી. એ તો દિવ્ય સ્વરૂપે છે જ. એટલે મહાત્માશ્રી ગયા પછી અન્ન વિગેરેનો ત્યાગ કર્યો છે અને શરીરને કષ્ટ આપો છો તે બંધ કરો. અને અન્ન લેવાનું શરૂ કરો. શરીરને સાચવવાનું છે અને ઘણાંને માર્ગદર્શન આપી સુખ આપવાનું છે."

"અમે પ્રાગજી ભક્ત ચરિત્ર મોકલ્યું છે તેઓ વાંચે અને ગોપાલાનંદનું પુસ્તક અથવા ચરિત્ર રમણ ભગત મારફત

મોકલીશું. અને મારાવતી કહેજો કે અમારા સ્ત્રી વિભાગને પણ માર્ગદર્શન આપવાનું છે અને સુખ આપવાનું છે. એટલે શરીરને કોઇપણ ભોગે સાચવવાનું છે. કે જેથી પ્રભુના માર્ગે-ખાસ કરીને બહેનોને વાળી શકે.”

મા માટે નાળિયેર પાણી વગેરે મોકલ્યું અને “લેવાનું શરૂ કરે એમ કહો.”

પૂ.માને પૂછતાં માએ જણાવ્યું કે ફળાહાર એક વર્ષ માટે બંધ રાખ્યું છે. એટલે ફક્ત પાણી કે ગંગાજળ લેશે. એટલે પ.પૂ. પ્રમુખ સ્વામીએ ગંગાજળ ઠાકોરજીને ધરાવીને પોતે હાથમાં આચમન લઈ, પૂ.મા માટે મોકલ્યું. પછી ઉમેર્યું. “પૂ.માને કહેજો કે અમે અને મહાત્મા યોગેશ્વર ભગવાન જુદા નથી. હવે આપણે બધાં એકજ છીએ. એટલે સત્સંગ કરીને અમારી સંસ્થામાં ખાસ કરીને સ્ત્રી વિભાગને સુખ આપવાનું છે. “બધું સારૂંજ થશે.”

એક સંત પુરુષની કેવી ઉદારતા !


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મે.દી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.




# અભીપ્સા–પુણ્ય પ્રવાસ–પ્રાપ્તિ

ભાઈલાલભાઇ છાટબાર

સાધકના અંતરતમમાં તીવ્ર અભીપ્સા જાગી ઊઠે છે ત્યારે તેને સ્વ–આત્માનું તેમજ કોઇ અદૃષ્ટ–શકિતનું પ્રેરક, પોષક અને પથપ્રદર્શક ગૂઢ બળ સાંપડી રહે છે. આ પ્રેરક બળ વિકટ સંજોગો અને અકળ સંકટોના અલાંઘ્ય પહાડને ઓળંગી જવામાં સહાય કરે છે. અને તે બળ આ ‘પરમ’–અર્થીને લક્ષ્યબિંદુ પર પહોંચાડયે જ પાર, એ રીતે કાર્યરત બને છે.

પછી તો મનુષ્ય અંતિમ ધ્યેયનો સ્પષ્ટ ખ્યાલ નજર સમક્ષ રાખી, તે ધ્યેયપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરતાં કરતાં મનની સ્થિતપ્રજ્ઞ સ્થિતિ વડે, તમામ નિજ શકિતઓનું કેન્દ્રીકરણ કરી શ્રેયપથના લક્ષ્યબિંદુ તરફ આગળ વધે છે.

તીવ્ર અભીપ્સાથી જાગેલી ધ્યેયપ્રાપ્તિ પ્રત્યેની લગન આ શ્રેયાર્થીને પ્રબળ પુરુષાર્થ કરવા પ્રેરે છે. તે આશાવાદનો દીપક લઈને સત્કારપૂર્વક સતત્ સાધનામાં ધીરજપૂર્વક ઝુકાવે છે અને તેમાં નિમગ્ન બની રહે છે.

વિચારોનું વિશુદ્ધિકરણ અને સુસંસ્કરણ તેને માટે જરૂરી ભુમિકા પૂરી પાડે છે અને મનુષ્ય આમ નિજલક્ષ્યના આયામના વ્યાપનું સર્જન પોતે જ કરતો હોય છે અને તે પોતાની સ્વ-નિર્મિત આત્મસૃષ્ટિમાં ડૂબી જાય છે.

રાગ–ઉપભોગ, અહં–તૃપ્તિ, મનોરથ–પ્રાપ્તિ અને પરંપરા –પાલન કે આફ્ત-પુષ્ટિ માટે યુક્તિબાજ મન યુક્તિ લડાવ્યા કરે છે. પરંતુ પંથે પડેલો શ્રેયાર્થી સભાન અને સજાગ હોય છે અને મનના ખેલને પિછાને છે. તેને પ્રતીતિ હોય છે કે મનની આ બધી યુક્તિઓ ભોગનું સાધન બની શકે

છે-મુક્તિનું કદાપિ નહિ. તે મનની આ બધી રમત-કરામતો-માંથી બચીને પળેપળની જાગરુકતા અને વિચાર-વૃત્તિના ઉર્ધ્વીકરણ દ્વારા અવિદ્યામાંથી મુકિત પ્રાપ્ત કરવા પ્રબળ પુરુષાર્થ કરે છે.

પ્રકૃતિના વિકાર–વિલાસ આવા જાગ્રત શ્રેયાર્થીને બાંધી શકતા નથી. તેનો 'અનાસક્ત નિર્લેપ ભાવ' નિજના સ્વ–સ્વરૂપના બોધને માટે અનુકૂળ થાય તેવું વિશુદ્ધ અંતઃકરણ નિર્માણ કરવાવાળાં કર્મ જ ધર્મ છે, એવી પ્રતીતિ ક્ષણે ક્ષણે કરાવે છે.

નિર્મળ અંતઃકરણનું સમર્પણ એ શ્રેયપથીનો સ્વધર્મ છે.

આવો પ્રવાસી એકલપંથી હોય છે. કોઈ સાધર્મિક સહ-પ્રવાસીનો સાથ કે સથવારો અનાયાસે સાંપડી જાય તો તેનો તે વિવેકબુદ્ધિયુક્ત સ્વીકાર કરીને ચાલે છે ખરો પરંતુ તેના માર્ગના સાચા પથપ્રદર્શક તો સદ્‌ગુરુ અને 'પરમ' એ બે જ હોય છે.

શ્રેયપથમાં નિજની અંદરના સાચા સંગાથી અડગ શ્રદ્ધા, અખૂટ ધીરજ અને નિત્યનિરંતર એકધારી સાધના હોય છે.

જીવનની ઊંડી તલસ્પર્શી સમજ માટે આવા પુરુષાર્થી પ્રવાસીએ કડક સદાચારપાલન અને ઉચ્ચતમ સાત્ત્વિક સદ્‌-ગુણોની સંપ્રાપ્તિના ઊંચાં શિખર સર કરવાનાં રહે છે. તે ધવલ શિખરો સુધીની પહોંચ માટે (૧) આવેગ–આવેશોનું પવિત્રીકરણ (૨) વિચારોનું આધ્યાત્મીકરણ (૩) મૂળભૂત ઉચ્ચ આદર્શોનું અમલીકરણ જેવાં–આનુષંગિક ઉપકરણો આ પુણ્યપ્રવાસમાં તેને આત્મસુઝથી સાંપડી રહે છે.

તીવ્ર અભીપ્સાની અદમ્ય પ્રેરણાથી પ્રેરાઈને 'પરમ'ની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરી રહેલ શ્રેયાર્થીમાં કેટલાંક આંતર્‌ બાહ્ય લક્ષણો દૃષ્ટિગોચર થાય છે : સર્વનાશમાં પણ ચિત્તમાં



ધૈર્યધારણા અસ્પૃહા, બાહ્યાંતર પવિત્રતા, જિતેન્દ્રિયપણું, અપ્રતિહત બુદ્ધિપ્રતિભા, વિવેકપૂર્ણ વાણી-વર્તન, નિર્વિકાર ચિત્તવૃત્તિ–આ બધાં તેનાં પ્રમુખ લક્ષણ છે.

પુણ્યપ્રવાસને પંથે પડેલા આવા પથિકે વૃત્તિ-વાસનાના ઉગમસ્થાન મનનું શમન કરીને તેને પ્રશાંત બનાવી દીધું હોય છે. સર્વ પ્રકારે પાર્થિવનો ત્યાગ અને શાશ્વતનો સ્વીકાર-સંચય એ તેનું પાથેય બને છે.

અભીપ્સાપ્રેરિત તીવ્રતમ લગનવાળો અવિરત પુરુષાર્થથી આગળ ધપતો અને ધ્યેયનો સ્પષ્ટ ખ્યાલ પળે પળે દૃષ્ટિ સમક્ષ ધરાવતો પથિક આ જીવનના પુણ્યપ્રવાસના લક્ષ્યબિંદુને–જીવત્વમાંથી શિવત્વમાં પ્રવેશને–કોઈ એક ધન્ય ઘડીએ અવશ્ય પામે છે.

ઈષ્ટ મંત્રના જપથી સર્વ પાપ સંસ્કારો દૂર થાય છે માટે નિરંતર ઈષ્ટ મંત્રનો જપ કરતા રહો.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હૉ. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

## ગીત

હો કણુકણુમાં ઘનશ્યામ
હો સુંદર સુંદર શ્યામ,
ફૂલમાં ફૂલમાં તરુ-સરવરમાં
મૂરત એ અભિરામ,
સાગર નભ ને સાંધ્ય ઉષામાં
સુંદર એનું ધામ.
હો સુંદર સુંદર શ્યામ,
હો કણુકણુમાં ઘનશ્યામ.
મેઘધનુષે ગિરિગહ્વરમાં
સુંદર શોભે શ્યામ,
લીલાછમ હરિયાળા વનમાં
એ જ રહીમ ને રામ
હો સુંદર સુંદર શ્યામ
હો કણુકણુમાં ઘનશ્યામ.

—મધુરમ

*——*

હાર્દિક શુભેચ્છા સહ.........

ભાવનગર જિલ્લામાં
૧ કરોડથી વધુના ખર્ચે
પ્રાથમિક શિક્ષણને પ્રસારતી
પ્રેરક અને પોષક
મધ્યાન્હ ભોજન યોજના

પ્રારંભ :-૧૯-૧૧-૧૯૮૪થી
પ્રથમ તબક્કો :-૧૬૭ ગામોના ૩૭૬૭૯ વિદ્યાર્થી-ઓએ લાભ મેળવ્યો.
બીજો તબક્કો :-વધુ પાંચ તાલુકામાં ૪૭૬ કેન્દ્રો દ્વારા વધુ ૧, ૦૨, ૧૭૧ વિદ્યાર્થી-ઓને આવરી લેવાયા.
ત્રીજો તબક્કો :-સમગ્ર જિલ્લાને સાંકળી લઇ ૧૧૧૧ કેન્દ્રો દ્વારા ૨,૫૪,૫૦૪ વિદ્યાર્થી-ઓને આવરી લેવાયા.

માહિતી ખાતુ, ભાવનગર.

## સંગ–રંગ

હો મનવા ! સંગનો રંગ ન જાય !
વિમલ-મલિન દર્પણની મધ્યે
બિમ્બ પ્રતિ બિમ્બાય ! હો મનવા !

ભીલને કૂબે રાજકુંવર જો ઉછરી મોટો થાય,
મોટપણે એ અસલી નિજનું રાજપણું ભૂલી જાય.
હો મનવા !

સર્પ કંચુકી ત્યજી દીયે ને સ્થળની ન માયા ત્યજાય,
વાદી આવી કંચુકી સાથે પન્નગ પકડી જાય.
હો મનવા !

વાઘની ત્રાડે મૃગલી કેરો ગર્ભ વને ગળી જાય,
માયા–મમતાના બંધનથી ભરતજી બંધાય.
હો મનવા !

અડીયલ ટટ્ટુ સાથે તરવરિયો તોખાર બંધાય,
કાળે અશ્વપણું ભૂલીને લાતંલાતી થાય.
હો મનવા !

કલાલની દુકાને બેસી ડેરી દૂધ પીવાય,
અમૃત જેવા પયપાને પણ ગંધ મધુ ભળી જાય.
હો મનવા !

ફૂલથી મઘમઘ માળીને ઘર માછણથી ન સૂવાય !
મત્સ્ય-ટોપલે જલ છાંટે જબ એ ગંધે જ જીવાય.
હો મનવા !

પુષ્પપંખની ક્ષુદ્ર કીડી પણ રાજમુકુટ સોહાય,
મળનો કીડો ગંદી ગટરે ડબૂકડોયાં થાય.
હો મનવા !

સંગ કરો તો સાધુજનનો સત્સંગે જ શ્વસાય,
જીવતર ધન્ય બને સંસારે, ભવફેરા ટળી જાય.
હો મનવા !

ડા. રણજિત પટેલ ( અનામી )



## આત્માની ઉણપ

બધુએ ગાઇ નાખ્યું છે પ્રભુનું ગીત બાકી છે;
વસુ છું માનવી વચ્ચે મનુજનો ભાવ બાકી છે.

વદીવાણી અહંભાવે વિનયવાણી હવે વદવી,
સમયના તાલની સાથે કવન કરવાનું બાકી છે.

વસ્યું મન લાભ લેવામાં પુરા અન્યાય કે ન્યાયે,
અસુરૂ યાદ આવ્યું કે કરજ દેવાનું બાકી છે.

સમુળું સંગ્રહી લીધુ ખજાને, મહેલ મોલાતે,
રહી ના યાદ ઉજડયાની વિતરવું સાવ બાકી છે.

જીવન મેળે મળ્યા સાથે કર્યા રસપાન સંગાથે
બધા વિખરાઇ ગ્યા વહાણેં બપોરે કોક બાકી છે

અટારી આભની ઓપે વદનમાં ગોખલા હબકે,
નયનમાં ઝાંખ આવી છે નિરખવા ઇશ બાકી છે.

મયુરો મેઘ મલ્હારે ગગન ગાજે ગેંહુંકારે,
થનકથા થાય ગોકુળમાં ઘુઘરૂં ઘમકાર બાકી છે.

વૈદ્ય. વી. એમ. મહેતા 'સીમિત'

## નામ હરિનું પ્રેમથી લેજે સદા...!

નામ હરિનું પ્રેમથી લેજે સદા...! (૨)
દાન દીનદુઃખિયાને તું દેજે સદા...! (૨)
અન્ય માટે સ્વાર્થ નિજનો છોડીને (૨)
ચિત્તને પ્રભુના ચરણમાં જોડીને (૨)
પ્રેમ-પીયૂષ પાઈને પીજે સદા...! (૨)
દાન દીનદુઃખિયાને તું દેજે સદા...! (૨) ૧

આત્મા એકજ સર્વનો તું જાણ જે (૨)
મનમાંહી સદ્ભાવ સહુપર આણ જે (૨)
સત્ય મધુમય સ્નેહથી કે' જે સદા...! (૨)
દાન દીનદુઃખિયાને તું દેજે સદા...! (૨) ૨

ભક્તિ સાચી શક્તિ છે સંસારમાં (૨)
સાચી શાન્તિ છે પ્રભુના પ્યારમાં (૨)
શરણે 'જગદીશ' નાથના રે'જે સદા...! (૨)
દાન દીનદુઃખિયાને તું દેજે સદા...! (૨) ૩

—જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)



## પ્રભુમય જીવન

(પ્રભુ તારૂં ગીત મારે ગાવું છે, એ લય) ૫૬

પ્રભુ ભજી પ્રભુમય થાવું છે,
ભક્તિની ગંગામાં ન્હાવું છે
ધ્યાનમાં નિજરૂપ ધ્યાવું છે; પ્રભુ. ૧

કૃપામૃતની વરસે ધારા,
છલછલ છલકે હૃદય કિનારા,
અમૃત પીને પાવું છે; પ્રભુ. ૨

તું અલબેલો, હું છું ઘેલો,
વૃક્ષને વીંટળાયેલો વેલો,
પ્રેમના રસે રસાવું છે; પ્રભુ. ૩

પ્રભુ ભજનની લગનીરે લાગી,
ભવની ભાવટ મારી ભાગી
તુજ રંગે રંગાવું છે; પ્રભુ. ૪

શરણાગતને દર્શન દઈ દે,
'મારો તું છે' એવું કહી દે,
બસ તારામાં જ શમાવું છે; પ્રભુ. ૫

રમણલાલ જ. શાહ

# ઈશ્વર—માયા—જગત

(ગતાંકથી ચાલુ) સંકલનઃ-ઈશ્વરભાઈ એમ. શાહ

(પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી)

અહમ્ આંખથી જગત જુવે છે. આ આંખ માત્ર પટકા પ્રકાશ છે. આ આંખે ઘણીવાર દોરડીને સર્પ દેખાડી ઠેકડા મરાવ્યા છે. માથાં ફોડાવ્યા છે. છતાં આંખ દેખે તેજ સત્ય છે તેમ અહમે દૃઢ કર્યું છે.

ગૌરીશંકર નામનો અહમ્ તેની આંખે જગત દેખે છે એટલે પ્રથમ તેને જગત તેનાથી દૂર લાગે છે. પછી પોતે અને જગતના જીવોમાં ભેદ બતાવે છે. અને પોતે અને જગતમાં ભિન્નતા જુવે છે. આ દૂરી ભેદ અને ભિન્નતા કાઢવા વેદે કર્મ—જ્ઞાન—ભક્તિયોગની વાત કરી.

અહમ્ એટલે કામના / જિજ્ઞાસા. શા માટે કામના / જિજ્ઞાસા. સાબીત કરો.

અહીં બેઠેલા બધાનાં નામ-રૂપ-રંગ-આકૃતિ-વિચારો-રહેણીકરણી ગમે તે હોય, અમે આ બધાને ઈશ્વરનો બગીચો માનીએ છીએ. અને તમને કામના-જિજ્ઞાસા માત્ર અમે જોઇએ છીએ.

અહમ્ આંખથી જ્યારે જગત સામે જુવે છે, ત્યારે માત્ર કામના કહે છે. કામનાની ઉત્પત્તિ, પ્રાપ્તિ, નિવૃત્તિ દુઃખજ છે. એટલે અહમ્ કામનાથી કંટાળે છે. અને જિજ્ઞાસા તરફ વળે છે. એટલે અહમ્‌ને અમે કામના-જિજ્ઞાસા કહી છે.

હવે આ અહમ્ આત્મા અને ચિત્તનું મિલન થતાં એક છાયા છે તે છે. એટલે અહમ્‌માં સહજ પ્રીતિ પણ છે.



કામનાથી કંટાળે તો જિજ્ઞાસા. જિજ્ઞાસાની પૂર્ણતા થતાં (અહમનું ધ્યેય છે પ્રેમ) તે અહમ્ પ્રેમ બને છે. કારણ કે અહમનું ધ્યેય છે પ્રેમ.

કામના-જિજ્ઞાસા હોય છે ત્યા સુધી આસક્તિ-મોહ હોય છે. યોગ=બોધ-પ્રેમ. ભોગ=આસક્તિ-મોહ. યોગ આવે કે બોધ-પ્રેમ આવવાનોજ. ભોગનું પરિણામ છે આસક્તિ-મોહ. આ ભોગ છે કામના.

ધારો કે ગૌરીશંકરભાઇને જાણવા હોય તો ઓળખાણ આપો છોને કે પેલા રેલ્વેમાં નોકરી કરે છે તે-આર. વી. દેસાઇ રોડ ઉપર બંગલો છે, પરગજુ છે, વગેરે વગેરે. તેજ પ્રમાણે અહમ્‌ની ઓળખાણ આપવી હોય તો:—

(૧) જેનામાં જગતની કામના છે. કામના શુભ હોય કે અશુભ.

(૨) જે કામના કરી થાકી-પાકી જલારામ મંદિરમાં સત્સંગમાં ડાહ્યો થઇને બેઠો છે.

(૩) જેનું ધ્યેય પ્રેમ છે. આ પ્રેમ તે ઈશ્વર-આત્મા-સત્ છે.

આ અહમ્ તમે બધા છો. હવે સત્સંગ તે માટે કરવો છે કે અહમ્ તેના ધ્યેય સુધી પહોંચી આસક્તિ-મોહમાંથી પ્રીતિ બની જાય. આસક્તિ શામાં છે ? પોતાના શરીરમાં-બીજાના શરીરમાં. ધનમાં, બગલામાં, મોટરમાં, પદમાં, પ્રાતષ્ઠામાં. આ બધામાંથી આસક્તિ જાય તો જિજ્ઞાસા ટકે.

હવે એક પ્રશ્ન છે કે આ બધા પદાર્થો ઈશ્વર મેળવવામાં બાધક છે કે ઉપયોગી ? જ્યોતિનું કામ પ્રકાશ આપવો છે. આ પ્રકાશમાં રામાયણ વાંચો કે દારૂ પીઓ. જ્યોતિને પડી નથી. તેનો સ્વભાવ માત્ર જ્ઞાન-દર્શન છે.

પ્રકૃતિ છે વિશેષ ક્રિયા. આ વિશેષ ક્રિયા રૂપવાન સ્ત્રી, રૂપવાન પુરૂષો, ગુલાબ, આકડો, લોઢું, સોનું, નદી, ઉંડી ખીણ, પર્વત, આવી અનેક આકૃતિઓ બતાવે છે. આ છે ઈશ્વરનો બગીચો ઈશ્વર માળી છે.

પ્રકૃતિમાં બધુ વિરોધભાસી છે. શા માટે વિરોધભાસી? પ્રકૃતિ ગાંડી છે? ના. પ્રકાશ–અંધકાર બંને વિરોધાભાસી. પ્રકાશ ગમે. અંધકાર ન ગમે. અંધકાર–અંધારૂં તો તમે શોધ્યું છે. પ્રકૃતિ કહે છે–અંધકારની જરૂર છે. તમે અંધકારને અંધકાર ભડકામણો શબ્દ ન આપો. અંધકારનું કમી પ્રકાશ નામ આપો. પણ તમે છો પંડિત. શબ્દોનો ઢગલો પાસે છે. શબ્દો કયાં કયો વપરાય તે જાણતા નથી. અને પછી દોષ પ્રકૃતિને આપો છો.

શરીરને સુખ–દુઃખ, વસ્તુઓ, વ્યક્તિઓ, પરિસ્થિતિ-સારી–ખરાબને સંબંધ છે–તમારે નથી. તમે છો ક્રિયારહિત બધુ અહિં તમારૂં છે. તમે એકલાજ અહિં છો. એટલે કાંઇ જરૂર નથી. તમને આ વાત જરા હાસ્યાસ્પદ લાગશે. કારણ કે તમને વિશ્વાસ નથી. તમારી સામે અમને કેમ જોતા નથી? અમારે ઘર નથી, ખેતર નથી, બેંકમાં રકમ નથી. આશ્રમ નથી. કોઇ પાસે કદી હાથ લાંબો કરતા નથી. સાત વાર પડાપડી કરે તોજ જમવા જઇએ છીએ. કાંઇ નથી છતાં બધું મારૂં છે. કારણ કે બધા મારા છે. મારા વહાલા લાગે. એટલે દોડો છો જમાડવા, નોટો આપવા, વસ્તુ આપવા.

અહમ્ નથી બોલતો–સ્વાધીનતા બોલે છે.

હવે અહમ્ તમારા બધામાં જિજ્ઞાસાના અંકુરો તો રામકૃપાએ ફુટ્યા છે. હવે આ જિજ્ઞાસાને ટકાવી રાખો તો પૂર્ણતા થાય. પૂર્ણતા થઇ કે અહમ્ પ્રીતિ બને છે. પછી



તમારે કાંઇ કરવાનું નથી.

જિજ્ઞાસા ટકાવવા શું કરવું તે પ્રશ્ન સામે આવ્યો છે. આ પ્રશ્નનો ઉકેલ કરીએ તો જિજ્ઞાસા ટકે.

કામના કાઢવી છે. પણ જો કામના કાઢવાથી શરૂ કરીશુ તો ૫૦૦ ( પાંચસો ) વર્ષ જશે. જીવન તો ૭૦ વર્ષનું ટૂંકું છે. તો કામના કાઢવાની વાત ભૂલો. બીજી વાત કરીએ.

કામના આપોઆપ જાય અને જિજ્ઞાસા ટકી પૂર્ણતા પ્રાપ્ત કરે તે વાત કરીએ. પછી તો આપોઆપ અહમ્ પ્રીતિ બનશે.

અહમ્‌ને મૂળમાંથી પકડીએ. અહમે પ્રથમ પોતાની અને બીજા વચ્ચે દૂરી માનેલ છે. દૂરી છે નહિ માત્ર માનેલ છે. આ માન્યતા કઢાવીએ. દૂરી કાઢવા માટે સેવા કરવી જરૂરી છે. સેવાથી દૂરી જાય છે. સેવાથી પદાર્થોમાંથી કામના, વ્યક્તિમાંથી મમતા જાય છે. પણ હાલ સેવા ચાલે છે તેવી સેવા નહિં. હાલ તો સેવાના નામે ભોગ ચાલે છે.

સેવા કરનાર સેવક પાસે પોતાનું કરીને કાંઇપણ ન હોવું જોઇએ–આ શરત નંબર–૧. સેવક પોતાના શરીરને પણ પોતાનું ન માને–શરત નંબર–૨. સેવામાં વસ્તુ–ધનની જરૂર નથી–( આ ભ્રમ છે તે કાઢવો પડે ) શરત નંબર–૩.

દાન, સેવાનો તફાવત જાણી લ્યો.

આજે શ્રીમંતો દાન દેવા મંડ્યા છે, તે સેવા નથી. દાનને સંબંધ પુણ્ય કર્મો સાથે છે. કરોડ રૂપીયા દાન કરનાર હવેના જન્મે અબજપતિ બનશે, અને વધુ ઉપાધિ વહોરશે.

સેવક–સેવા–સેવ્ય ત્રણને સંબંધ છે. સેવક તે છે કે ઉપરની ત્રણ શરતોનું પાલન કરે. સેવ્ય ઈશ્વર છે. સેવા સેવકની ક્રિયા છે. સાચો સેવક સેવ્ય ઈશ્વર મેળવી, જન્મરહિત બને

છે. જ્યારે દાની દાન કરી સારો જન્મ મેળવે છે. આજે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે બધા સન્માનો દાનીના થાય છે. સેવકનું સન્માન જોવામાં નથી આવતું. ભારતનું આ કલંક છે. આ કારણે અધિકારીઓ ભારતના હોવા છતાં ભારતની જાસુસી કરે છે.

તમે આત્મા-શ્રદ્ધા-વિશ્વાસ-ચારિત્ર-સંસ્કૃતિ-સંસ્કાર બધાને પૈસાથી ગૌણ ગણવા મંડ્યા છો. આ તે ભારત તો નામ છે, બાકી અમેરિકા છે. અમેરિકા પણ પૂરતું નથી, તમારી સ્થિતિ અર્ધદગ્ધ છે. એટલેજ આને કળીકાળ કહે છે બાકી કળીયુગ મને ક્યાંય દેખાતો નથી.

### પ્રાર્થના

હે મેરે નાથ,

તમે તમારી સુધામયી, સર્વસમર્થ, પતિત પાવની, અહૈતુકી કૃપાથી દુઃખી પ્રાણીઓના હૃદયમાં ત્યાગનું બળ તેમજ સુખી પ્રાણીઓના હૃદયમાં સેવાનું બળ પ્રદાન કરો, જેથી તેઓ ( સુખી-દુઃખી બન્ને ) સુખદુઃખના બંધનમાંથી મુકત થઇ આપનો પવિત્ર પ્રેમ પ્રાપ્ત કરી, કૃતકૃત્ય બને.

જગતમાં બેજ પ્રકારના પ્રાણી છે. કાંતો સુખી કાંતો દુઃખી. સુખી સુખ ભોગવે છે. દુઃખી દુઃખ ભોગવે છે. આ માટે પ્રાર્થના છે કે સુખી સુખ ન ભોગવે પણ સેવા કરે. દુઃખી દુઃખમાં હાયહાય કરી દુઃખનો ભોગ ન કરે, પણ જેનું દુઃખ હોય તેનો ત્યાગ કરે. તો સુખી-દુઃખી બન્ને સુખ-દુઃખથી ઉપર ઉઠી આનંદ જે તેનું સ્વરૂપ છે તે પ્રાપ્ત કરે છે.



# ગીતાગૌરવ

ડૉ. શ્રીઅશ્વિનભાઈ ડી. પટેલ

( આ લેખ મ્હારા "અહમ્ તો આડું આવ્યું" લેખ જે "અધ્યાત્મ" ના જાન્યુ. ફેબ્રુ. ૮૭ના અંક ૪-૫માં છપાયેલ છે તેના અનુસંધાનમાં વાંચવા વિનંતિ.)

સ્વ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીને "મેં રહી રહીને ગુરુ તરીકે સ્વીકાર્યા તા. ૩૦ સપ્ટેમ્બર ૧૯૮૬ને રોજ." એની પશ્ચાદ્ભૂમિમાં ચમત્કાર કહો તો ચમત્કાર અને મહાત્માજીના આશીર્વાદનું ફળ કહો તો ફળ જે વાસ્તવિક રીતે રહેલ છે તેનું નમ્ર આલેખન કર્યા સિવાય રહી શકાતું નથી.

શ્રીમદ્ભગવદ્ગીતાનો મ્હારો અભ્યાસ આમ તો હું આજથી ૪૫-૪૭ વર્ષ પહેલાં બી એ. એમ. એ. માં હતો ત્યારથી શરૂ થયેલ. સંસ્કૃત શ્લોકોના સરળ ગુજરાતી અનુવાદ સાથે કોઇ કોઈ વાર મેં ગીતાનું પઠન કરેલ. પણ મહાત્મા ગાંધીજીના "અનાસક્તિયોગ", કિશોરલાલ ઘ. મશરૂવાળાના "ગીતામંથન", બાળગંગાધર તિલકના "કર્મયોગ" અને "જ્ઞાનેશ્વરી ગીતા" નો ગુજરાતી અનુવાદ ઉપરના સમય દરમિયાન વાંચ્યાં ત્યારથી એનો ઊંડો અભ્યાસ શરૂ થયો. એમ તો સને ૧૯૩૪માં હું ન્યૂ હાઇસ્કૂલ, અમદાવાદના જૂના ધો. ૬માં ભણતો હતો ત્યારે અંગ્રેજીમાં "Geeta, My Mother" નામનું કાવ્ય લખેલ જે શાળાના છપાતા માસિકમાં પ્રકાશિત થયેલ ત્યારથી મને ગીતાજીનું આકર્ષણ રહેલ, કુટુંબપરંપરામાં ઉતરી આવેલ. પણ એનું એટલે કે સમસ્ત ગીતાનું પદ્યમાં ભાષાન્તર કરવાની કે એનો ભાવાનુવાદ કરવાની મારામાં ક્ષમતા ઉપર્યુક્ત તા. ૩૦ સપ્ટે. ૮૬ સુધી

આવેલી નહિ; એ નીચેના સંજોગોમાં આવી:-

પૂ. મા. સર્વેશ્વરીજીએ ગત ગુરુપૂર્ણિમાના એક કે બે દિવસ અગાઉ પૂ. મહાત્માજીના 'સત્યપથ' નિવાસે તા. ૧૯-૮-૮૬ને રોજ મહાત્માજીરચિત "સરળગીતા" મને "નિયમિત એક અધ્યાયના વાંચનની અપેક્ષા સાથે સર્વેશ્વરી" એવી વિજ્ઞપ્તિમૂલક સૂચનાસહ આપેલ. જેનો નિયમિત પાઠ કરવાનો ક્રમ મેં ગુરુપૂર્ણિમાના પુણ્ય દિવસથી શરૂ કર્યો. જો કે વર્ષોથી હું સંસ્કૃત ગીતાનો એક અધ્યાય નિત્ય સેવામાં ઘણુંખરૂં વાંચતો આવેલ, પણ મહાત્માજીકૃત "સરળગીતા" વિશેની અપેક્ષા પૂરી કરવા સંસ્કૃત ગીતા છોડી મેં ગુજરાતી ભાવાનુવાદમાંથી પઠન કરવા માંડ્યું. મહિનોમાસ ઉપર થવા આવ્યો; ત્યાં તા. ૩૦ સપ્ટે. ૮૬ને રોજ હું પાઠ કરતો હતો અને મનમાં મને થયું: "સ્વ. પૂ. મહાત્મા યોગેશ્વરજીએ ગીતાજીનો ભાવાનુવાદ "ઓ ઈશ્વર ભજીએ તને, મ્હોટું છે તુજ નામ" એવા દેશી ઢાળમાં શા માટે કર્યો હશે ? એમના જેવા પ્રખર જ્ઞાની, અનુભવી, ચિન્તક અને જિહ્વાગ્ર શાસ્ત્રાભ્યાસીએ સમશ્લોકી ભાષાન્તર કર્યું હોત તો ગુજરાતી ભાષામાં થયેલ ભાષાન્તરોમાં તે શિરોમણિ સમાન નીવડ્યું હોત. મ્હારા જેવાને એ વધુ પ્રસન્નતાદાયી સંતોષ આપી શક્યું હોત. જો કે અધિકારભેદે શ્રી યોગેશ્વરજીનો આ ભાવાનુવાદ એમના વિશાળ સાધકસત્સંગીવર્ગને અનુલક્ષીને જ કરાયો લાગે છે તે ઉચિત જ છે. સમશ્લોકી ભાષાન્તર કરતાં ભાવાનુવાદ સામાન્ય વાચકને વધુ રોચક અને સુગમ બની રહે છે."

અને એ જ વખતે મ્હારા દિલમાં પ્રકાશ થયો; મ્હારા અંતરમનમાંથી પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ મને જાણે કે આદેશ આપ્યો; "તમે જ સમશ્લોકી ભાષાન્તર કરી નાખો



ને ! એથી તમને પોતાને પ્રસન્નતાનો અનુભવ થશે. તે માટે તમે અધિકારી છો જ." એથી પ્રેરણાપાન થતાં પૂજ્ય શ્રીના આદેશનો અમલ કરવા હું ઉત્સુક થયો, કૃતનિશ્ચય થયો. ત્યાં જ તેઓશ્રીનું નિમિલિત નયને મેં ધ્યાન કર્યું જેમાં મહાત્માજીની મૂર્તિનાં મને દર્શન થયાં. તેઓશ્રીનો દક્ષિણ હસ્ત આશીર્મુદ્રામાં મ્હારા મસ્તક ઉપર મૂકાયેલ મને જણાયો. અને એઓશ્રીની પાછળ જગદ્‌ગુરુ યોગેશ્વર શ્રીકૃષ્ણનું સુદર્શન ચક્રધારી સ્વરૂપ મને દૃશ્યમાન થયું. અને તરતજ એ દિવસે તા. ૩૦/૯/૮૬ને રોજ સવારે ૭-૧૫ કલાકે મેં ગીતાજીનું સમશ્લોકી ભાષાન્તરનું મંગળાચરણ કર્યું. ૮-૩૦ સુધીમાં અડધા શ્લોક પ્રથમ અધ્યાયના ભાષાન્તરિત થઈ ગયા. બાકીના સાંજે ૩-૩૦ પછી. એ પ્રથમ અધ્યાય પાકો કરી નીચે તારીખતિથિ લખી ત્યારે માલુમ પડ્યું કે તે તો મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ 'રેંટિયાબારશ' હતી. આમ જે દિવસે પૂ. શ્રી. યોગેશ્વરજીને મેં ગુરુ બનાવ્યા તે દિવસે ગીતાજીનું સમશ્લોકી ભાષાન્તર કરવાનું મને જે સૂઝ્યું એમાં પૂ. શ્રી. મહાત્મા યોગેશ્વરજીનો આદેશ ને આશિષ હતાં, મહાત્મા ગાંધીજીની પ્રેરણા હતી અને યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનની કૃપા હતી. જેને લઇને તા. ૧૨ નવેમ્બર ૧૯૮૬ સુધીમાં તો અઢારે અઢાર અધ્યાયનું સમશ્લોકી ભાષાન્તર ખૂબ સરળતાથી જાણે કે પૂરું થઈ ગયું. એ તારીખો વચ્ચેના સમયગાળામાં દિવાળીના તહેવારો આવ્યા. એ ૮-૧૦ દિવસ ભાષાન્તરનું કામ થઈ શકેલ નહિ. કલાકના પાંચ થી છ શ્લોકની ગતિએ અને દિવસના ચાર પાંચ કલાક એક ધ્યાને કામ કરવાથી આ મહિનામાસમાં ભાષાન્તર થયું. એમા પહેલા અને અઢારમા અધ્યાયમાંથી થોડાક નમૂનાના શ્લોક અહીં આપી પછી ગીતાગૌરવ (જે મેં મ્હારી રીતે ગાયું છે) તેના શ્લોક આપી

આલેખ પૂરો કરું તો દરગુજર કરશો.

અર્જુન ઉવાચ

"યુદ્ધ માટે ઉભાં આવી હે કૃષ્ણ, જોઇ આ સગાં,
ગાત્રો મ્હારાં બને ઢીલાં, મુખ પણ સુકાય છે;
શરીરે કંપ થાયે ને, રોમે રોમાંચ થાય છે. ૨૮/૨૯

યુદ્ધમાં સ્વજનોને ના માર્યે કલ્યાણ જોઉં હું. ૩૧/૨

હણવા એમને ના હું ઇચ્છું, ભલે હણે મને !
ત્રિલોકી રાજ્ય માટે ના હણું, તો ભૂમિ કાજશું ? ૩૫

તેથી જો હું અશસ્ત્ર થૈ રહું રણે અનાક્રમી,
ભલે ને કૌરવો હુંને હણે, ક્ષેમ તહીં ઘણું. ૪૬

(પ્રથમ અધ્યાયમાંથી)

શ્રી ભગવાન્ ઉવાચ

મ્હારામાં ચિત્તવાળો તું સર્વ કષ્ટો તરી જશે
મત્કૃપાથી; ગર્વબ્હેરો થતાં તું નાશ પામશે. ૫૮

માનીશ "હું લડુંના" હ્યાં એમ ગર્વ કરીશ,–તે
મિથ્યા નિશ્ચય થાશે ને યુદ્ધે પ્રકૃતિ જૂતશે. ૫૯

સર્વ પ્રાણી તણા હૈયે રહેલો છે જગદીશ તે,
માયાથી સર્વભૂતોને યંત્રારૂઢ શું ભ્રામવે. ૬૧

આમ મેં તુજને બોધ્યું ગુહ્યથી ગુહ્ય જ્ઞાન જે,
એને પૂરું વિચારીને ઇચ્છે તે પાર્થ, તું કર. ૬૩

બધા ધર્મો ત્યજીને તું આવ શરણ માહરે,
કરીશ હું તને મુક્ત સર્વ પાપો થકી ખરે. ૬૬

પાર્થ હે ! જ્ઞાન એકાગ્ર તેં ચિત્તે સાંભળ્યું ? ન વા ?
મૂઢતા જન્ય અર્જુન, મોહ નષ્ટ થયો ? ન વા ? ૭૨



અર્જુન ઉવાચ

અચ્યુત, નષ્ટ થયો મોહ, સ્મૃતિ લાધી કૃપા તવ
થકી સંશે જતાં હુંને; કરીશે જે કહ્યું તમે. ૭૩

સંજય ઉવાચ

વ્યાસકૃપા થકી સૂણ્યો પરં ગુહ્ય જ યોગ તે.
કૃષ્ણ યોગેશ્વરે પોતે સ્વમુખથી કહ્યો જ તે. ૭૫

રાજન, યાદ કરી વારે વારે સંવાદ અદ્ભુત
શ્રી કૃષ્ણાર્જુનનો પુણ્ય હર્ષ પામું ફરી ફરી. ૭૬

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ, જ્યાં ધનુર્ધર પાર્થયે,
ત્યાં લક્ષ્મી, જય, ઐશ્વર્ય, ધ્રુવા નીતિ,–મતે મમ. ૭૮

(અષ્ટાદશ અધ્યાયમાંથી)

આ ઢબઘાટીનું સળંગસૂત્ર સમશ્લોકી ભાષાન્તર કરતી વખતે મને નમ્રપણે કહેવા દો, મેં કોઇનું સમશ્લોકી ભાષાન્તર કે કોઈનો ભાવાનુવાદ મ્હારી સામે હાથવગો રાખ્યો ન્હોતો. રખેને કોઇની છાયા મ્હારા ઉપર પડી જાય અને એમ કરતાં મ્હારા ભાષાન્તરની મૌલિકતા હણાય ! મ્હારી સામે મેં રાખ્યા હતા अमरकोश નો શ્રી. મ. શિ-ગોલેકૃત સંક્ષેપ अमरसार, બીજો માહાત્મા ગાંધીજીનો કાકાસાહેબ કાલેલકર સંપાદિત गीता-पदार्थकोश, ત્રીજો ગુજરાત વિદ્યાપીઠનો "સાર્થ ગુજરાતી જોડાણી કોશ" તદ્ઉપરાંત સસ્તુસાહિત્યપ્રકાશિત ગીતાનું નાનકડું ગદ્ય ભાષાન્તર (ગદ્યાનુવાદ) સંવત ૧૯૮૪ એટલે સને ૧૯૨૮ની સાલની "શ્રીમદ્ભગવદ્ગીતા (ગુજરાતી સરલાર્થ સહિત)"…અને હવે મ્હારા પ્રયોજન માટે મ્હારી રીતે અનુષ્ટુપ છંદમાં જ લખાયેલ.

## ગીતાગૌરવ

શ્રીકૃષ્ણ મુખથી સ્ફૂર્યો, ઝિલાયો વ્યાસ માનસે,
કાલાતીત સમો લેખ્યો ગણેશે શ્રુતલેખ એ ! ૧

નાના કિન્તુ વિરાટ્ એવા ગીતાના ધર્મગ્રન્થમાં,
શ્રીકૃષ્ણાર્જુન સંવાદે ભર્યું ભાથું ત્રિલોકનું ! ૨

બધી વિદ્યાતણો સાર, જ્ઞાનનો વિશ્વકોશ એ !
શ્રીયોગેશ્વરસંગીતા જીવનમંત્ર શાશ્વત. ૩

સંન્યાસયોગ સાથે એ કર્મ ને જ્ઞાનયોગ યે,
ધ્યાનાદિયોગ સર્વેનું સત્ત્વાલેખન વિશ્વમાં ! ૪

શમદાતા, શાન્તિદાતા, ભ્રાન્તિભાજક મૂળમાં,
ત્રિગુણપ્રકૃતિમાંથી ઊંચકનાર જાદુ એ ! ૫

ત્રિતાપજન્ય દર્દોનું અપૂર્વ ખલુ ઓસડ !
મરીને જીવવાનો એ દોહ્યલો મંત્ર ભૂમિએ ! ૬

ભવમુક્તિતણો માર્ગ મોક્ષદાતા અહો ખરે !
સંશયો છેદનારે તે, સમસ્યાના ઉકેલ યે. ૭

મૂંઝામણે ધૃતિદાતા, શાન્તિદા દુઃખદર્દમાં,
ગીતામૃત પયઃપાન પ્રતિમાનવબાળશું. ૮

રાજદ્વારે સ્મશાને યે, વિદ્વાનોની ય સંસદે
'ગુરુણાં ગુરુ' ની વાણી ગીતા તો ક્ષેમકારિણી ! ૯

અક્ષય એ ખજાનો તો જ્ઞાનામૃત તણો અહો !
મુમુક્ષુ કોટિ લોકોએ ખણ્યો પણ ખૂંટ્યો નહીં ! ૧૦

મહા સરસ્વતીને યે ના રહ્યું કથવું કશું,
તત્ત્વજ્ઞાને બધી ભાષા મહીં, ગીતા કથ્યા પછી ! ૧૧



# ઈશ્વરમાં વિશ્વાસ

ભૂપતરાય મો. ઠાકર

ક્યાંક વાંચ્યાનું યાદ આવે છે–કોઈ એક માતાનો પુત્ર પ્રવાસમાં જતો હોય છે. પુત્ર મહિના સુધી બહારગામ રહેવાનો હોય છે. મા તેની દરેક જરૂરિયાત યાદ કરી–કરીને તેની બેગમાં ભરે છે. રૂમાલ, કાંસકો, ઉલિયું, બ્રશ, કપડાં, બેટરી, મફલર અને અન્ય બધાજ પ્રકારની ચીજોને યાદ કરીને બેગમાં મૂકે છે. મા જાણે છે કે 'મારા દીકરાને' આ ચીજ 'ની જરૂર પડશે. મારો દીકરો મૂંઝાશે, લેવા માટે અહીં આવી શકશે નહીં ' તેથી પુત્રની બધી જ આવશ્યકતાને પૂરી કરે છે, યોગ્ય સલાહ આપે છે. ' મા પુત્રની કેટલી કાળજી લે છે ?

આપણને પચાસ કે પંચોતેર વરસ સુધી, છેક પૃથ્વી પર ઈશ્વર પ્રવાસે મોકલે છે. ઈશ્વર આપણી દરેક પ્રકારની જરૂરિયાત પૂરતા પ્રમાણમાં પૂરી કરવાની કાળજી લે છે જ. હવા, પાણી, પ્રકાશ, આકાશ, અન્ન, પૃથ્વી આપણને મળી રહે, આપણે મૂંઝાઈ ન જઈએ તેની ચીવટ લે છે. આપણે પણ ખૂટતી વસ્તુ લેવા માટે ઈશ્વર પાસે જઈ શકતા નથી. ઈશ્વર બધું જાણે છે. આખી જીંદગી ક્યાં અને કેવી રીતે વીતાવવી તેનો નકશો પણ આપણી સાથે છે, માત્ર તે ગોપનીય છે. નકશાની રેખાઓને ઓળંગવાથી દુઃખ પ્રાપ્ત થાય છે અને રેખાઓની મર્યાદા જાળવવાથી સુખ અને સંતોષ મળે છે. માત્ર ઈશ્વરમાં વિશ્વાસની જરૂર છે.

લોકો ગ્રહો, નક્ષત્રો, તારાઓ, કુંડળીમાં વિશ્વાસ કરે છે પણ ઈશ્વરના બક્ષેલા જીવન તરફ અવિશ્વાસ ધરાવે છે.

મળેલા પ્રાકૃતિક જીવનને ઠુકરાવીને જીવવા લાગે છે ત્યારે અસુખનો આરંભ થાય છે. ઉપજાવી કાઢેલા ઉપકરણોમાં વિશ્વાસ જન્મે છે પરંતુ સ્વયં ઈશ્વરમાં વિશ્વાસ ડગે છે પછી મુસાફરી મુશ્કેલી ભરી ન થાય તો બીજું શું થાય ?

બિલાડી આડી ઉતરે તો અપશુકન થાય છે. બિલાડીમાં વિશ્વાસ બેસે છે. ઈશ્વરના મંદિરમાં, ભગવાનના દર્શન કર્યા, વિશ્વાસ આપ્યો અને મેળવ્યો પછી હરશો ? બિલાડી મોટી કે આપણા પરમ પિતા ઈશ્વર ?

હા, ક્યારેક સદ્ગુરુ, સંત, ભક્ત મળે તો પેલો ગોપનીય નકશો ઉકેલી આપે છે. પછીતો જગતનાં બધા જ આવરણ-ઉપકરણ નિરર્થક બને છે. આપણે માત્ર ઈશ્વરમાં -સંતોના વચનોમાં કે આત્મામાંથી ઊઠેલા અવાજમાં, ઈશ્વરના દૂતોમાં વિશ્વાસ ધરાવીએ તો જગતમાં સુખ નામનો પ્રદેશ મેળવવો સહેલો છે. આવો, ઈશ્વરમાં ઊંડો અને અડગ વિશ્વાસ કેળવીએ. ઉતાવળથી સુખ મેળવવાની લાલચમાં આપણે ગ્રહો, નક્ષત્રો પર વધુ વિશ્વાસ કેળવતા જઈએ છીએ. દુઃખને ટાળવાનો અને સુખને મેળવવાનો કિમિયો શોધતા રહીએ છીએ. આખા વિશ્વના નિયંતા ઇશ્વર પર વિશ્વાસ રાખવાનું આપણને કોણ શીખવશે ? કોઇ સંત, ફકીર, ગુરુ, સાધુ મળે તો શાશ્વત સુખનો માર્ગ બતાવે. આપણે આવા ગુરુના ચરણમાં દોડી જઇએ અને હંમેશાનું સુખ મેળવીએ. ઇશ્વરે આવા સંતોને પૃથ્વીપર એટલા માટે મોકલ્યા છે કે પ્રવાસે નીકળેલા પોતાના સંતાનોને કોઇ મુશ્કેલી ન પડે. બાળકોની જરૂરિયાત સંતો દ્વારા પૂરી પાડી શકાય. આવા સંતોને મળીએ અને આપણી આંતરિક -આધ્યાત્મિક જરૂરિયાતને સંતોષીએ.



# શ્રી રમણ દર્શન

[ નોંધઃ-મહર્ષિ રમણનાં જીવનને સ્પર્શતા જુદાં જુદાં પ્રસંગો મહાત્મા શ્રી યોગેશ્વર રચિત ભગવાન "રમણ મહર્ષિ જીવન અને કાર્યો" ના આધારે રજૂ કરેલ છે. -તંત્રી ]

રજૂઆત "એક અધ્યાત્મ પ્રેમી"

## ગ્રહણ વિષે મહર્ષિ રમણ

આ યુગના વિદ્યાર્થીઓ, યુવાનો એમ માને છે કે શાસ્ત્રોમાં આવતી રાહુ કેતુ અને ચંદ્ર તથા સૂર્યની ગ્રહણ સાથે જોડી દેવાયેલ વાત કેવળ હંબક છે. ભૌગોલિક કારણો અનુસાર અમુક સંજોગોમાં પૃથ્વીનો પડછાયો સૂર્ય કે ચંદ્ર ઉપર પડતા જેટલા ભાગ ઉપર તે પડછાયો પડે તે અનુસાર ગ્રહણ નક્કી કરવામાં આવેલ હોય છે.

પરંતુ ઋષિ-મુનિઓએ લોક કલ્યાણાર્થે ઘણી બાબતોને ધાર્મિક રૂપ આપી ધર્મની સાથે સાંકળી લીધી છે તે વાત તેઓ ભૂલી જાય છે.

ગ્રહણ વિષે ભગવાન રમણ મહર્ષિના વિચારોને સ્પર્શતો આ પ્રસંગ છે.

એ મહાપુરુષ સર્વ પ્રકારના અવિદ્યાજન્ય ગ્રહણથી મુક્ત હોવા છતાં પણ સૂર્ય ને ચંદ્ર ગ્રહણના બહારના સામાજિક નિયમોને પાળવાનો કેટલેક અંશે આગ્રહ રાખતા. આશ્રમમાં ગ્રહણ પછી જ ભોજન તૈયાર કરવામાં આવતું. ગ્રહણના સમય દરમ્યાન એ કદી પણ જમતા નહિ અને કહેતા કે એ વખતે જમવાનું ઉચિત નથી કારણકે ગ્રહણના પ્રભાવથી પાચનશક્તિ પોતાનું કામ બરાબર નથી કરી શકતી. ગ્રહણ વખતે

કેટલાક બીજા માણસોની પેઠે પ્રારંભમાં ને પાછળથી સ્નાન ના કરતા.

ગ્રહણ દરમ્યાન પાચન શક્તિ પોતાનું કામ બરાબર નથી કરી શકતાં તે વાત તેમને સ્વીકાર્ય હતી પરંતુ ગ્રહણ પહેલાં અને પછી સ્નાન કરવાની માન્યતા નહિ ધરાવતા હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે.

રમણ મહર્ષિ જેવા મહાપુરુષ પણ આવા નિયમોમાંથી આવકાર દાયી વાત સ્વીકારી જીવનમાં આચરતા અને આશ્રમમાં પણ તે મુજબ આચરવા અનુરોધ કરતા.

( ૨ )

એમને છીંકણી સૂંઘવાની થોડાક સમય સુધી ટેવ પડેલી પરંતુ પાછળથી ઇ. સ. ૧૯૩૫ પહેલાં જ એમણે એ ટેવને છોડી દીધેલી.

ભોજન પછી પાચન શક્તિની દૃષ્ટિએ ઉપયોગી લાગવાથી શરૂઆતમાં થોડાક વખત સુધી એ પાન ખાતા. પર્વત પર ફરવા જતાં પહેલાં પણ એનો ઉપયોગ કરતા પરંતુ એમને એનું બંધન ન હતું. એમણે કરેલા એના ત્યાગ પરથી એ સહેલાઈથી સમજી શકાય છે. એ ત્યાગ અત્યંત વિલક્ષણ રીતે થયેલો. એ પ્રસંગ જાણવા જેવો છે.

એક દિવસ સવારે એ રોજના ક્રમને અનુસરીને ફરવા જવા તૈયાર થયા ને સેવક પાન લઈને આવે એની રાહ જોવા માંડ્યા. રોજ તો ફરવા જવાનો વખત થતો એટલે એમની પાસે પાન રાખવામાં આવતું, પરંતુ એ દિવસે કોણ જાણે શું થયું કે પાન આવ્યું જ નહિ ને સેવક પણ ના આવ્યો.

બેઠેલા બધા ભક્તો એ જોઈ વિચારમાં પડ્યા. એમને પાન લઈ આવવાનું મન તો થયું પણ એમની હિંમત ના



ચાલી. કારણ કે મહર્ષિની સેવાનું કામ આશ્રમના સંચાલકો તરફથી જેમને સોંપવામાં આવેલું તેજ કરી શકતા.

મહર્ષિએ થોડા વખત લગી રાહ જોઈ પરંતુ પછી વધારે રાહ જોવાનું માંડી વાળીને ચાલવા માંડયું. પાનની પ્રતીક્ષાનો એ એમના જીવનનો છેલ્લો દિવસ પુરવાર થયો.

એ દિવસથી એમણે પાન ખાવાનું સદાને માટે છોડી દીધું. આશ્રમના સંચાલકો તથા ભક્તોને એથી દુઃખ થયું. એમણે એમને પ્રેમપૂર્વક પ્રાર્થના કરી પરંતુ એ પ્રાર્થના નિરર્થક ઠરી.

એ કોઈ પણ પ્રકારનું બંધન નહોતા ઇચ્છતા, કોઈ પણ ટેવના ગુલામ બનવા નહોતા માગતા.

કોઈ પણ સંજોગોમાં અન્યને દુઃખ પહોંચે તેથી તેમને દુઃખ થતું. તેથી જ તેમને લાગ્યું હોય કે તેમને ભોજન પછી પાન ખાવાની ટેવને લીધે જે સેવકને તે કામ સોંપવામાં આવેલ હોય તેને પાન સમયસર લાવવા માટે ખૂબજ સજાગ રહેવું પડે અને કોઈ સંજોગોમાં પાન સમયસર ન આવવાથી, પાનની રાહ જોવાનો પ્રસંગ ઉપસ્થિત થાય એ કરતાં એનાં ઉદ્ભવ સ્થાનનો જ નાશ કરવાનું તેમને આવશ્યક લાગવાથી, તે જ સમયે પાન ખાવાનું છોડી દીધું.

મહર્ષિનું હૃદય અતિ સંવેદન શીલ હતું. મહર્ષિનું જીવન એટલી ઉંચ સપાટીએ પહોંચી ગયેલ કે તેમને કોઇપણ જાતનાં બંધન સ્પર્શી શકતાં નહિ. તેઓ સદા બંધન મુક્ત હતા.

(૩)

## અંતર્યામીત્વ

સાધનાના શરૂઆતના સમયમાં જ મહર્ષિની અંદર વિશેષ શક્તિનો ઉદય થયેલો. એ વિશેની પ્રમાણભૂત માહિતી બીજા

કેટલાય પ્રસંગોની જેમ શ્રી નારાયણ શાસ્ત્રીના પ્રસંગ પરથી પ્રાપ્ત થાય છે. (નારાયણ શાસ્ત્રી પાસે મહર્ષિ સંસ્કૃત શીખતા.)

એ (નારાયણ શાસ્ત્રી) દર્શન માટે ઈ.સ. ૧૯૧૩ દરમિયાન અરુણાચલ પર્વત પર ગયા ત્યારે કેળાં લઇ ગયા. એ કેળાં તેમણે સૌથી પહેલાં અરૂણાચલેશ્વરના મંદિરમાં ધરેલાં. મંદિરની આગળ જે ગણપતિની વિશાળ મધુમય મૂર્તિ હતી તેને એક કેળું તેમણે માનસિક રીતે અર્પણ કરેલું.

મહર્ષિને એમણે એ બધી માહિતી આપ્યા વિના જ એ કેળાં અર્પણ કર્યાં. એમના શિષ્યે એમને ગુફાની અંદર લઇ જવા માંડ્યાં, ત્યારે મહર્ષિએ એને અટકાવીને કહ્યું : ઉભો રહે. આપણે ગણપતિને ધરાવેલા ફળનો ઉપયોગ કરીએ.”

મહર્ષિના એ શબ્દો સાંભળી નારાયણ શાસ્ત્રીના વિસ્મયનો પાર ના રહ્યો. એમને ખાતરી થઇ કે મહર્ષિ બીજાના મનને અથવા ભૂતકાળની ઘટનાઓને જાણી શકે છે.

મહર્ષિ પતંજલિ પોતાના યોગદર્શનમાં યોગીને સાંપડનારી એ શક્તિને ચિત્ત સંવિત તરીકે ઓળખાવે છે.

નારાયણ શાસ્ત્રી એ વખતે વાલ્મિકિ રામાયણ પર ગદ્યમાં ભાવાર્થ તૈયાર કરી રહેલા. એમણે એ વાત ગુપ્ત રાખેલી. મહર્ષિ પાસે એ એની હસ્તપ્રત લઇ ગયેલા મહર્ષિની પાસે બેસીને એમણે મનોમન, કોઇને પણ ના સંભળાય એવી રીતે સંસ્કૃતમાં કહ્યું.

‘તમે ચિત્તસંવિતની શક્તિ ધરાવતા હોવાથી મારા આગમનના પ્રયોજન વિશે કહી બતાવવાનો કશો અર્થ નથી. તમે તેને જાણો જ છો’

મહાષએ એ પ્રયોજનની પુષ્ટિ અને એમના દૃઢ વિશ્વાસની



યથાર્થતાની પ્રતીતિ કરાવતાં તરત જ જણાવ્યું. ‘રામાયણને બહાર કાઢી, ખોલીને કેમ નથી વાંચતા ?’ નારાયણ શાસ્ત્રીને સંપૂર્ણ સંતોષ થયો.

એ પોતાની રામાયણ રચના સૌથી પહેલાં મહર્ષિની આગળ વાંચી સંભળાવવાના ઉદ્દેશથી જ આવેલા.

એમની ઇચ્છાની પૂર્તિ થવાથી એ આનંદ પામ્યા.

(ક્રમશઃ)

* * *

*** પ્રાગજી ડોસાકૃત પુસ્તકો ***

| | |
|---|---|
| પરલોકની દુનિયા | રૂા. ૨૦-૦૦ |
| એક ઘરડો માણસ (નાટક) | રૂા. ૮-૦૦ |
| ચાક વર્તુળ (નાટક) | રૂા. ૪-૦૦ |
| પૂનમની રાત (નાટક) | રૂા. ૨-૪૦ |

**શ્રીમતી વનલતા મહેતા સાથે**

| | |
|---|---|
| સૂરદાસ (નાટક) | રૂા. ૩-૦૦ |
| બાળનાટ્યનો અભ્યાસક્રમ (જેને અમેરિકા, જર્મની અને ફ્રાન્સના તજ્જ્ઞવિદોએ સ્વીકાર્યો છે. | રૂા. ૧૬-૦૦ |

**પ્રાપ્તિ સ્થાનઃ પ્રાગજી ડોસા**

ટર્ફવ્યુ, હોર્નબી વેલાર્ડ, વરલી
મુંબઇ ૪૦૦૦૧૮

# 'પ્રકાશના પંથે'

સં—પરમાર્થી

## હઠયોગ અને સાંઇબાબાના અનુભવો

એ વરસે ઋષિકેશનો નિવાસ સાનુકૂળ તથા સુખમય સાબિત થયો. 'ગીતાદર્શન'ના લેખનમાં કેટલોક કાળ પસાર થયો. તે દરમ્યાન પણ સાધનાનો પ્રવાહ તો ચાલુ જ રહ્યો. નવરાત્રીના ઉપવાસ પૂરા થયા પછી એક વિદ્વાન સંન્યાસી મહારાજ મારી પાસે આવ્યા. નવરાત્રીમાં મેં પાણી પર ઉપવાસ કરેલા તેની તેમને ખબર હતી. તેમણે પૂછ્યું : 'વ્રત પુરું થઇ ગયું ?' મેં કહ્યું : 'હા' થોડી વાર તે શાંત રહ્યા ને પછી તરત બોલી ઊઠ્યા : 'શું તમે હઠયોગમાં માનો છો ?' મેં કહ્યું : 'હા' હઠયોગ મને પ્રિય છે ને હું તેમાં માનું છું. તે બોલ્યા : 'વાત તો સારી છે. પરમાનંદની પ્રાપ્તિ માટે બધાં સાધનો છે. પણ કેટલીકવાર માણસ તે સાધનોની પસંદગીમાં ભૂલ કરે છે.' ને તે પછી તેમણે કેટલાક વધારે વિચારો પ્રદર્શિત કર્યા. તેથી જણાયું કે તેમને હઠયોગ વિષે સાચો ખ્યાલ ન હતો. હઠયોગ કોઇ હઠ કરીને કરવાનો યોગ છે એમ તે માનતા હતા. સાચી વાત તો એ છે કે હઠયોગને હઠ કરવા સાથે કોઈ સંબંધ નથી. તે તો પ્રાણ, મન ને શરીરના સંયમનો યોગ છે, અને અંધકાર-માંથી પ્રકાશમાં જવા માટે અથવા ઈડા ને પિંગલા નાડી-માંથી વહેતા પ્રાણને સુષુમ્ણામાં લઈ જવા માટે તેની સાધના છે. 'હ' ને 'ઠ' ના પ્રયોગ એવા જ અર્થમાં કરવામાં આવ્યો છે. તે વાત હઠયોગ પ્રદીપિકા ને ઘેરંડ સંહિતા



જેવા હઠયોગના ગ્રંથોની હઠ શબ્દની વ્યાખ્યા પરથી સમજાય છે.

છતાં પણ બીજી રીતે વિચાર કરવામાં આવે તો પણ શું સાધના માટે ઉપવાસ કે વ્રત કરવાના કામને હઠ કહી શકાય ? મારી સમજ પ્રમાણે તેને હઠ નહિ પણ આગ્રહ કહી શકાય. સાધનાનો એવો સત્યાગ્રહ ધ્રુવ ને વાલ્મિકી તથા તુકારામ ને નરસિંહ જેવાએ કરેલા. પાર્વતીની વાત પણ એ બાબત માટે જાણીતી છે. એ સત્યાગ્રહ સૂકો નહિ પણ પ્રેમથી ભરેલો હતો. ભગવાનને માટે તેમના દિલમાં એટલી ભૂખ લાગી હતી કે તેમનું મન બીજે ક્યાંય લાગતું નહિ. ખાવા પીવા પરથી પણ તેમનું મન હઠી ગયેલું.

છતાં ઉપવાસ ને વ્રતની ભલામણ હું બધાને માટે નથી કરતો. એ વસ્તુ વાદ કે નકલ કરવા માટે નથી. માટે રખે કોઇ તેની નકલ કરે. કોઇ પૂછશે કે તો પછી તમે આમ ઉપરાઉપરી ઉપવાસ કેમ કર્યા કરો છો ? મારા જીવનનું બરાબર મનન કરનારને એ પ્રશ્નનો ઉત્તર સહેલાઇથી મળી જશે. મને કાંઇ ઉપવાસનો શોખ નથી. ઇશ્વરનો અનુરાગ છે અને એટલા માટે જ ઉપવાસ કરવા પડે છે તેથી કરું છું.

સાધના માટે ઉપવાસ કરવાની આજ્ઞા મને ઈશ્વર તરફથી મળે છે, ને ઉપવાસ પૂરા કરવાના હોય ત્યારે પણ મળે છે હું તે આજ્ઞાને તાબે થઇને તેનું પાલન જ કરું છું. ઈશ્વરની ઈચ્છામાં મારી ઇચ્છાને મેળવીને કે ઇશ્વરની ઇચ્છા મારી ઇચ્છા માનીને ઉપવાસનો આધાર લેવો પડે છે. માટે લઉં છું. કેટલીક વાર મારી ઇચ્છા ઉપવાસ કરવાની હોય, પણ ઈશ્વરનો આદેશ ન મળે તો તે ઈચ્છા ભાગ્યે જ અમલી બને છે. ઇશ્વરની ઇચ્છાની પાછળ કારણ શું છે તેવો વાદ મારા

મનમાં કદી ઊઠ્યો નથી. હું તો એમ જ માનું છું કે ઇશ્વરની જેમ તેની ઇચ્છા પણ મંગળ છે. મારે તેનો અમલ કરવો એ મારી ફરજ છે.

હું માનું છું કે મારી સાધનાના વિકાસમાં આવા ઉપવાસનું મહત્ત્વ ગમે તે રીતે છે. તેથી જ ઈશ્વર મને તેવા ઉપવાસ કરવાની આજ્ઞા કરે છે. એટલે મારી પોતાની ઈચ્છાથી હું કરવાનો કે છોડવાનો વ્યવસાય કરતો જ નથી. પછી તમાં કોઈ જાતનો હઠનો પ્રશ્ન જ કયાં ઉભો થાય છે? મારા સાધનામય જીવનની આ નાની સરખી છતાં સાચી કે પ્રમાણિક કથાને જે ધ્યાનપૂર્વક વાંચી જશે તે આ સ્પષ્ટીકરણને સારી પેઠે સમજી શકશે.

મારો સમય ચિંતા, પ્રાર્થના અને પ્રતીક્ષામાં પસાર થતો અને સાધના-યજ્ઞની પૂર્ણાહુતિ કરવાની ઇચ્છા વધારે ને વધારે ઉત્કટ બનતી જતી. માની પૂર્ણ કૃપાનો દિવસ જરા દૂર હોય તો પણ જો કોઇ સમર્થ કે સિદ્ધ પુરુષ દ્વારા મને તે દિવસની ચોક્કસ ને ખુલાસાવાર માહિતી મળી જાય તો કંઇક રાહત મળે એવી મારી ઇચ્છા હતી. તે પ્રમાણે કેટલીક વાર માતા જગદંબા તરફથી તો કેટલીક વાર સિદ્ધ પુરુષો તરફથી દિવસો મળતા પણ તે મિથ્યા જતા. તેથી કોઈ મહાપુરુષનું જાગૃતિમાં મિલન થાય તો સારું, એ ભાવના લાંબા વખતથી ઉત્પન્ન થઇ હતી.

નવરાત્રીથી એક બીજા સમર્થ સિદ્ધ પુરુષનો સંબંધ શરૂ થયો. જીવનમાં એ એક વિશેષ આનંદ સિદ્ધ થયો. એ સંબંધ યાદગાર બનવા સરજાયલો. ઈશ્વરની કૃપાથી મહાપુરુષોના સંબંધના કેટલાય અનુભવો આજ સુધીના જીવનમાં થઈ ચૂકયા છે. એમાં એ અનુભવે નવી ભાત પાડી. એ સંબંધ પ્રસિદ્ધ સિદ્ધ પુરુષ શ્રી સાંઈબાબાનો હતો.



શ્રી સાંઈબાબાએ ઇ. સ. ૧૯૧૮માં દશેરાને દિવસે શરીર છોડયું હતું. પોતાના જીવન દરમ્યાન તેમણે કહ્યું હતું કે મારી વિદાય થયા પછી મારી સમાધિ જવાબ આપશે, ને મારા ભકતોના મનોરથ પૂરા કરશે. એ વાતની ખાતરી તેમના શરીર ત્યાગ પછી કેટલાય માણસોને થઈ છે, ને થતી જાય છે. બાબા પોતે એક મહાન સમર્થ ને મુક્ત પુરુષ છે, ને ભકતોની રક્ષા તેમનું પ્રિયમાં પ્રિય વ્રત છે. ભારતમાં થઇ ગયેલા બીજા કેટલાક સિદ્ધ પુરુષોની જેમ તે આજે પણ હયાત છે, ને પોતાની દિવ્ય શક્તિનો પરિચય આપે છે. એવા સમર્થ મહાપુરુષે મારી સાથે સંબંધ બાંધ્યો તેને માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું.

આસો વદી બારસની રાતે ખૂબ ચિંતામાં બેઠો હતો. પ્રાર્થના ચાલુ હતી. સાંઇબાબાને મનોમન મેં પ્રાર્થના કરીને કહ્યું કે તમે તમારા ભકતોને મદદ કરવા ખડે પગે તૈયાર રહો છો. તો હું પણ તમારો પ્રેમી, પ્રશંસક ને ભક્ત છું એમ માની લેજો. તમારા પરચા પ્રસિદ્ધ છે, ને તમારી શક્તિ વખણાય છે. તો તે બધું સાચું હોય તો મને તમારું સાક્ષાત્ દર્શન આપીને માના દર્શન વિષે ખુલાસાવાર જણાવી દો. આવી પ્રાર્થના ચાલતી હતી ત્યાં તો તરત કૈંક તંદ્રા જેવું થયું પણ તે વખતે પણ હું જાગું છું એમ ભાન રહ્યું. શ્રી સાંઈબાબાએ એ દશામાં દર્શન આપ્યું.

છતાં સાંઇબાબાનો જાગૃતિમાં અનુભવ થાય એવી ઈચ્છા કાયમ જ રહી. સાધના વિશેનો ખુલાસો સાંઇબાબા દ્વારા જાગૃતિમાં મળે અને કૈં નહિ તો તેમનો સ્પષ્ટ અવાજ સંભળાય એવી ઇચ્છા હતી. એક દિવસ રાતના ૩ા વાગી ગયા હતા. થાક લાગવાથી જરાક આડો પડ્યો. સૂતા સૂતા

પ્રાર્થના કરવા લાગ્યો : ‘ શું આ જ તમારું પરગજુ પણું ? શું આ જ તમારો માનવ પ્રેમ ? મારી ઇચ્છા પૂરી કરવી એ તમારે માટે રમત છેઃ બે મિનિટનું જ કામ છે. છતાં કેમ મુંગે મોઢે જોયા કરો છો ? ત્યાં તો માની અને સાંઈ-બાબાની કૃપા થઇ. ઓરડામાં સાંઇબાબાનો ફોટો હતો. ત્યાંથી સાંઇબાબાનું સફેદ વસ્ત્રવાળું પણ દાઢી વિનાનું સ્વરૂપ મારા તરફ આવ્યું. મને આનંદ થયો કે મારી પ્રાર્થના સાંભળીને સાંઈબાબાએ જાગૃતિ દશામાં જ મને દર્શન આપ્યું. સાંઇ-બાબાએ અવર્ણનીય એવા મધ જેવા મીઠા શબ્દોમાં કહ્યું: ‘ ચિંતા કરશો નહિ. આ વરસે જેઠ સુદી પાંચમને દિવસે બદરીનાથમાં તમને સાક્ષાત્ દર્શન થઇ જશે. અને તમારી બધી ઈચ્છા પૂરી થશે.”

એ અનુભવ પૂરો થયો ત્યારે કેટલા વાગ્યા હશે તે જાણવા-ની ઇચ્છા થઇ. ત્યાં જ મંદિરમાં ચારના ટકોરા પડ્યા.

ઋષિકેશથી મુંબઈ જવાનો આદેશ પણ થઇ ચૂક્યો હતો. ઋષિકેશ છોડવાની માની પ્રેરણા પણ પહેલાં મળી ચૂકી હતી. ઋષિકેશથી મોટર ઉપડી ત્યારે ભરત મંદિર, હિમાલય પર્વત-ને ગંગામાતાને મેં ફરી પ્રણામ કર્યા. તે સૌના સાન્નિધ્યમાં રહીને સાધનાના માર્ગમાં જે સુંદર અનુભવો થયા હતા તે ભારે કિંમતી અને ભુલ્યા ભુલાય નહિ તેવા હતા.

મુંબઈ લગભગ બે મહિના રહેવાનું થયું. ત્યાર પછી ત્યાંથી નીકળીને લગભગ ૨॥ મહિના અમે સરોડા રહ્યાં. તે પછી એક માસ સાબરમતી રહેવાનું થયું. સાબરમતીમાં રહેવાનું મકાન સારું અને અનુકૂળ હતું. તારાબેનને બંને પગે વાળા નીકળેલા. તેથી તારાબેનને પણ સાબરમતીમાં લાવ્યા અને બનતા ઉપચારો ચાલુ રાખ્યા. પણ પૂરો આરામ



ના થયો. છેવટે અમે વિચાર કર્યો કે આ વખતે આવી મુશ્કેલીના વખતમાં માતાજીએ બેનને લઇને સરોડા જવું ને સરોડા જ રહેવું. ને મારે એકલાએ જ હિમાલય જવું. એ વરસે મારે બદરીનાથ જવાનું નક્કી હતું. બદરીનાથની ઠંડી માતાજીથી સહન થઈ શકશે કે કેમ તે પ્રશ્ન ઊભો જ હતો. તેમાં વળી બેનને આવા કટોકટીના સમયે સેવાની જરૂર હતી, એટલે તે વિચાર બીજાને પણ ઘણો રુચિકર થઈ પડ્યો.

છતાં પણ બેનની બાબતમાં ઈશ્વરની ઈચ્છા શું છે તેની માહિતી મેળવવાનો મને વિચાર થયો. તા. ૧૪-૫–૧૯૫૪ની વૈશાખી પુનમની મોડી રાતે હું પથારીમાં પ્રાર્થના કરવા બેઠો હતો. પ્રાર્થના પૂરી થયા પછી ધ્યાન શરૂ કર્યું. બહાર બધે ચાંદની પથરાઇ ચૂકી હતી. એટલે વાતાવરણ ખૂબ ખુશનુમા હતું. શ્રી સાંઈબાબાએ મારી અંદર પ્રવેશ કર્યો. ને મારી અંદરથી સુમધુર ને સ્પષ્ટ શબ્દોમાં બોલવા માંડ્યાઃ ‘હું સાંઇ-બાબા છું. આમ તો આખા વિશ્વમાં રહું છું. પણ વધારે ભાગે શિરડીમાં સાક્ષાત્ રહું છું.’ પછી મારા તરફ સંકેત કરીને કોઇબીજાને કહેતા હોય તેમ કહેવા લાગ્યાઃ ‘આ મહાન પુરુષ છે. તેના દ્વારા ભારત અને વિશ્વમાં મહાન કામ થવાનું છે. તેના પર મને પ્રેમ છે. એટલે મેં તેની અંદર આવેશ લીધો છે. આ વખતે તેની સાધના પૂરી થઇ જશે. તેનું કામ થઈ જવાનું છે.’ તે શબ્દો સાથે તેમણે મારા બે પૂર્વજન્મો-ની વાત પણ કહી બતાવી. મને થયેલા પૂર્વજન્મના જ્ઞાન સાથે તે વાત બરાબર મળતી હતી.

એટલી વાત કરીને સાંઇબાબાએ મધથી પણ મીઠા સ્વરમાં મને કહેવા માંડયું : ‘માતાજી ભલે હિમાલય જાય, બેન અને બાળકો અહીં જ રહે. તે મારાં જ બાળકો છે. તેમને કાંઈ જ વાંધો નહીં આવે.’

એ પછી તે અદૃશ્ય થઈ ગયા. ઘડિયાળમાં જોયું તો બરાબર સવા વાગ્યો હતો. સવારે ઊઠીને મારા અનુભવની વાત મેં માતાજીને અને બેનને કરી દીધી. તે ખુશ થયાં. છતાં મેં છેવટનો નિર્ણય માતાજી પર જ છોડી દીધો. માતાજીએ મારી સાથે હિમાલય આવવાનું નક્કી કર્યું. એટલે બે દિવસ પછી બેનને અમદાવાદ તેને ઘેર મૂકી આવ્યાં. અને હિમાલય તરફ પ્રસ્થાન કર્યું.

પણ સાંઇબાબા જેવા સમર્થ મહાપુરુષોના વચનનો પ્રભાવ તો જુઓ! બેનથી હજી ઉઠાતું પણ હતું નહિ. છતાં બેનને કંઇજ તકલીફ પડી નહિ. એક મહિનાની અંદર સંપૂર્ણ આરામ થઇ ગયો છે. બેન અને બાળકોને સાંઇબાબા પોતાના બાળકો ગણે છે એ વાત યાદ આવતાં મને આનંદ થાય છે.

( ક્રમશઃ )

મનમાં શ્રદ્ધા ને ઉત્સાહ રાખી ઇષ્ટ મંત્રનો જપ કરતા રહેવાથી મનની ચંચલતા દૂર થાય છે, એ બહુધા સૌથી સરલ ને સર્વથી સાધી શકાય એવું સાધન છે.

કીર્તન ભક્તિ કરવાથી તથા પોતાના શુદ્ધ સ્વરૂપની ભાવના કરતા રહેવાથી પણ મનની ચંચલતા ટળી શરીર પણ સુધરે છે.

જે જે સાધક પ્રતિકૂલતામાં મુગ્ધ થઈ પોતાનું કર્તવ્ય ભૂલે છે તે તે સાધકે પોતાના ચિત્તનો અધિકાર વધારવા વિશેષ પ્રયત્ન કર્તવ્ય છે.



( પૃષ્ઠ ૧૬ નું અનુસંધાન )

કોઇ વેપારી ભાવતાલ નહિ. એમનું પોતાનું જીવન પ્રભુપરાયણ. આવા વક્તા જયારે બોલે ત્યારે એની અસર શ્રોતાગણ ઉપર વત્તાઓછા અંશે થાય જ થાય. વળી એમનું પોતાનું જીવન સંપૂર્ણ વ્યસનરહિત. એજ બીજાને વ્યસન છોડવાનું કહી શકેને? યુવાન પેઢીને કોઇ વ્યહવાર શુદ્ધિ વગર, નીતિ, સત્ય ને સંયમપૂર્વક જીવ્યા સિવાય જીવનમાં આધ્યાત્મિકતા કદી આવતી નથી, એ વાત ઉપર તેઓ સતત ભાર મૂકતા. આજના સમયની એ ખૂબ આવશ્યક જરૂરત સહુને જણાય છે. પરંતુ એવું જીવન જીવ્યા સિવાય ઉપદેશ આપનારાઓની કોઈ અસર શ્રોતાઓ ઉપર કયાંથી થાય ?

આજના યુવા જગતની સમસ્યાઓનાં મૂળ માતાપિતા તરફથી બાળકોને ન મળતા ધાર્મિક સંસ્કારોમાં રહેલું છે. આ હકીકત તેઓએ અનેક ઉદાહરણો આપી સરસ રીતે સમજાવી.

આવી ભાગવત કથાનો લાભ જીવનમાં કયારે પણ, કયાંય પણ મળતો હોય તો લેવા જેવો ખરો. સંપ્રદાયો વિષેના આપણા પૂર્વગ્રહયુક્ત ખ્યાલોને દૂર કરવામાં ને જીવન સુધારણામાં એ જરૂર સહાયભૂત થશે, વળી એમના સંપ્રદાયના વડા પ.પૂ. શ્રી પ્રમુખસ્વામી પણ સીધા, સાદા, સરળ, આડંબર રહિત ત્યાગી મહાપુરુષ. એથી એમનાં વચનોની અસર થાય એવું અમારૂં નમ્ર મંતવ્ય છે.

અંતમાં પ્રભુના મહિમાનો, ભગવાન સ્વામિનારાયણનો, એમના સંતોનો, કપૂરાની પતિતપાવન ધરતીનો, માશ્રી સર્વેશ્વરીનો જય હો.

*——*

મહાત્માશ્રી યોગેશ્વરજી

# પ્રેમાંજિલ

—તંત્રી

આજે મહાશિવરાત્રિના મંગલ ધાર્મિક પર્વનો દિવસ છે. આજથી બરાબર ત્રણ વર્ષ પહેલાં અમારા ગુરુદેવ શ્રી પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી સાથેની પ્રત્યક્ષ મુલાકત અને દર્શનનો–અમારા જીવનનો એ છેલ્લો દિવસ હતો. તે પછીના પૂરા સોળ દિવસ પછી એ મહાપુરુષે મુંબઇના કાંદીવલીપરાના લક્ષ્મીનારાયણ મંદિરના વ્યાખ્યાન ખંડમાં ભાગવત ઉપર પ્રવચન કરતાં કરતાં પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો. સને ૧૯૮૪ના ૧૮ માર્ચનો એ દિવસ હતો. ધૂળેટીનું પર્વ હતું.

આજે સ્થૂલ સ્વરૂપે એ મહાપુરુષ આપણી વચ્ચે નથી; પરંતુ સૂક્ષ્મ સ્વરૂપે એ આજે પણ છેજ, એની પ્રતીતિ કરાવતા રહે છે. અનેકોને અનેક રીતે સ્વપ્ન કે ધ્યાનમાં દર્શન આપી દોરતા રહે છે. અધિકારી શ્રદ્ધાળું જીવોને પ્રભુના પંથે પગલાં ભરવા પ્રેરણાનાં પીયૂષ પાતા રહે છે. પ.પૂ.માશ્રી સર્વેશ્વરી પૂ.શ્રીના એ કાર્યને સરસ, રીતે આગળ ચલાવી રહ્યાં છે.

એમના જીવનનું મહાપ્રદાન એમની સાધના અને એ સાધનાનો કડી બદ્ધ ઇતિહાસ પ્રકાશના પંથે આત્મકથામાં આલેખાયો છે.

ગુજરાતમાં અમદાવાદ પાસેના સરોડા સરખા નાના ગામડામાં જન્મ. માત્ર આઠ વર્ષની બાળવયે પિતાનું છત્ર ગુમાવ્યું. મુંબઇની ઓરફનેજમાં રહી જણ્યા. સાથે સાથે



આત્મિક કલ્યાણની સાધનાનાં બીજ સહજ રીતેજ અભ્યાસ કાળ દરમ્યાનજ અંકુરિત થતાં ગયાં.

એમની સાચી સાધનાભૂમિ બની હિમાલય. કયાં ગુજરાતના એક નાના ગામડાનો યુવક અને કયાં હિમાલયની તપોભૂમિ! અજાણ્યા લોકો, અજાણ્યો પ્રદેશ, અજાણી આબોહવા અને અપરિચિત ભાષાના બધાય અવરોધોને વટાવી, એમણે હિમાલયના એકાંત પ્રદેશોમાં રહી, અવનવી અને અદ્‌ભુત સાધનાઓ કરી, તે પણ કોઇયે સ્થૂલ ગુરૂની મદદ ને માર્ગદર્શન સિવાય. કેવું હશે એમનું મનોબળ! કેવો ઉત્કટ હશે એમનો વૈરાગ્ય! કેવો પ્રબળ હશે એમનો આત્મ–વિશ્વાસ! ધન્ય છે એ મહાપુરુષને.

કેવળ એક ઇશ્વરના અટલ વિશ્વાસે પ્રેરાઇને એમણે સાધના માટે આ હિમાલયના પહાડો ને ગંગામૈયાના સાન્નિધ્યને પસંદ કર્યું. કોઈપણ પ્રકારની આર્થિક સહાય વગર એમણે અનેક સ્થળોએ પગપાળા વિચરણ કર્યું. અને પોતે શાન્તિ પામ્યા પછી બીજા અનેકોના જીવનમાં શાન્તિ ને સુખની રસ લહાણ કરવા સમગ્ર જીવન દરમ્યાન પરિવ્રાજક બની સમગ્ર દુનિયામાં પરિભ્રમણ કરતા રહ્યા. કોઇ સ્થળ કે વ્યક્તિ, કોઈ સંપત્તિ કે સાયબી, સુખ કે એશ-આરામ–કાંઇ એમને આકર્ષી શકયું નહિ. ફકત એમનું મન–ચોવીસે કલાક પ્રભુમાંજ રહેતું. એમણે કેવળ માનવોનીજ ચિન્તા નથી કરી, હરેક જીવ ઉપર એટલીજ કરૂણા. કદી અજાણતા પણ કોઇ જીવને દુઃખ ન પહોંચે એવી અખંડ જાગૃતિ, એમના જીવનમાં જોવા મળતી.

સદાય આત્મ પ્રતિષ્ઠામાં સ્થિત, છતાંય એક માનવ તરીકેની માનવતા, કરૂણા, દયા ને સહાનુભૂતિની સાકારમૂર્તિ જેવા

મહાત્માશ્રી યોગેશ્વર ખરેજ એક મહામાનવ હતા. ધરતી એમના ચરણે પાવન થતી ને પ્રકૃતિ એમના શ્વાસ-પ્રશ્વાસે પ્રફુલ્લી ઉઠતી. જીવનની ક્ષણેક્ષણનો જાગ્રતિપૂર્વક લોકહિતાર્થે ને પ્રભુસ્મરણમાં ઉપયોગ કરનાર, સદાય સમયબદ્ધ ને સાદાઇ, સરળતાની મૂર્તિસમા એ મહામાનવને એમની હયાતી દરમ્યાન બહુજ ઓછા ઓળખી શકયા. જેમણે ઓળખ્યા તે જીવનમાં કંઇક પામ્યા, ભૌતિકવાદમાંથી જાગી આત્મસૃષ્ટિ તરફ વળ્યા ને મનુષ્યજીવનની થોડીય સાર્થકતા પામી ધન્ય થયા.

એમની વિશેષતા એ હતી કે તેઓ એક ઉચ્ચકોટિના સંત હોવા ઉપરાંત એક સંવેદનશીલ કવિ અને સાહિત્યકાર પણ હતા. એટલે ગુજરાતની જનતાને લગભગ સો જેટલાં પુસ્તકોની લહાણ કરતા ગયા.

આપણા વેદકાલીન ધાર્મિક વારસાને ખૂબજ સરળ ગદ્ય અને પદ્ય શૈલીમાં એમણે ઉતાર્યો છે. ગુજરાતી ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતો વાંચક પણ એ સમજી શકે એવી એમની આલેખન શૈલી છે.

એ મહામાનવ, સમર્થ સંત ને શ્રેષ્ઠ સાહિત્યકારને એમની ત્રીજી પુણ્યતિથિ પ્રસંગે આપણે પ્રેમાંજલિ અર્પ્યા સિવાય કેમ રહી શકીએ ? વંદન હો એ મહાપુરુષને, સરોડાની એ ધરતીને અને મા શ્રી જ્યોતિર્મયીને.



# શું ઇશ્વર મારૂં કામ કરશે ?

રોહિત હ. જાની

જરૂર. નરસિંહ મહેતાની હૂંડીના પૈસા જેણે ચૂકવ્યા હતા. તેજ શક્તિ તમારું પણ કામ કરી રહી છે. તમે તેને સમજવા પ્રયત્ન કરો.

જ્યારે કોઈ મુશ્કેલી આવે ત્યારે આંખો મીંચીને શાંતિ-પૂર્વક બેસોને એ વખતે આપણે ચાંદલો કરીએ છીએ તે જગ્યાએ આપણુ ધ્યાન કેંદ્રિત કરો. ત્યાં આજ્ઞાચક્ર નામની મહાશક્તિ શાળી ગ્રંથી રહેલી છે, ત્યાં પરમાત્માનો દિવ્ય પ્રકાશ પ્રકાશીત છે. તેનો અજાણપણે પણ સ્પર્શ થઇ જાય છે. આપણુ મન તેના સાન્નિધ્યમાં જતાં ખાલી થવા પ્રયત્ન કરે છે, એટલે પૂજા પાઠ કરતાં ત્યાં ધ્યાન કરતાં, ઘણા વિચારો આવતા હોય તેવો અનુભવ થાય છે, પણ તે ખાલી થવાની ક્રિયામાત્ર છે. પરમાત્મા નજીક જતાં મન થોડું શાંતિ અનુ-ભવે છે, રસ્તો સ્ફૂરે છે. દરેક માનવી આ અનુભવ તો કરે જ છે અને સમજે છે કે સ્મૃતિએ મારું કામ કર્યું", પણ ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે 'મનુષ્યમાં સ્મૃતિરૂપે હું જ રહેલો છું." અંતઃપ્રેરણામાં ખુદ તેના સાથેના જોડાણનું જ પ્રતિબિંબ છે.

અધ્યાત્મ માર્ગમાં આવતા અનુભવો એ ઈશ્વરના અસ્તિત્ત્વનો સતત અનુભવ કરાવતી નિશાનીઓ છે, તે ઈશ્વર તરફથી તમને આવતા ટેલિફોન્સ છે. તે તમને એના તરફ વધુ ને વધુ ખેંચાણ અનુભવ કરાવે છે, પણ કેટલીક વાર માણસ તે અનુભવોમાં જ સંતોષ અનુભવતો થઇ જાય છે

તો પછી ઈશ્વરના પૂર્ણ સ્વરૂપનાં દર્શનના લક્ષ્યને ચૂકી જાય છે. તો ઈશ્વરને સતત પ્રાર્થના કરો; “ પ્રભુ તું મને દર્શન દે. ” અને સતત આત્માનુસંધાન કરવા ૐ ભૂર્ભુવ સ્વઃ । જેવા કોઈ પણ નામનામંત્રનો આશરો લો. જેથી અનુસંધાન સતત રહે. જો મોટા માણસોના સાન્નિધ્યમાં રહીએ તો આપણાં ઘણાં કામો થઇ જાય છે, તેમ તમારા પ્રભુના નજીક રહેવાથી બધાં જ કાર્ય થઇ જશે, સંતોષ જનક રીતે પૂરાં થઇ જશે, એમાં વિશ્વાસ રાખો. કદી કોઈ કામ ન થાય, તો સમજો કે તે તમારા હિતમાં નહિ હોય, એટલે જ પ્રભુએ તે ન કર્યું. એ ન કરવામાં પણ પ્રભુની મંગલમયતાનું દર્શન કરવાનું ન ચૂકતા. નહિ તો અવિશ્વાસ તમારા મનમાં પેદા થશે. અને એકવાર તમારી શ્રદ્ધાનો પાયો જો ડગી ગયો, તો તમારી સાધના સફળ નહીં થાય.

અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પ્રભુની મંગલમયતાનું દર્શન કરવું એનું જ નામ સમત્વ છે. એ પણ યોગ છે જે એક દિવસ પ્રભુ સાથે તમારું જોડાણ કરાવી આપશે.

**અંબાજીમાં કયાં ઉતરશો ?**
સ્વર્ગારોહણ તીર્થ, માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ,
દાંતારોડ, અંબાજી
તીર્થ અને સુંદર સુમેળભર્યો ઉતારો.



# રામકથા

( ગતાંકથી ચાલુ )

યોગેશ્વરજી

[ શ્રીયોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા ]

'તારે બીજું શું કરવાનું હોય ? રામનું દુઃખ એ આપણા સૌનું દુઃખ છે. રામનો પ્રેમ સૌનાપર છે, પરંતુ તારા પરતો સૌથી વિશેષ છે. એ દૃષ્ટિએ જોતાં તને આવી ચિંતા અથવા વિમાસણ થાય એ સ્વભાવિક છે.'

'છતાં પણ કેવળ ચિંતા કરીને તદ્દન નિષ્ક્રિય બનીને બેસી રહેવાનું પણ બરાબર નથી લાગતું. ચિંતા તો થાય જ છે, પરંતુ સાથે સાથે એમ પણ થાય છે કે રામને માટે કાંઈક કરી છૂટવું જોઇએ. રામ અને સીતા વિનાની અયોધ્યામાં શ્વાસ લેવાનું પણ મને નહિ ગમે. એવી પરિસ્થિતિની કલ્પના કરતાં પણ મારું કાળજું કંપી ઉઠે છે. એટલે મેં તો વિચાર કર્યો છે કે......' લક્ષ્મણ એટલું બોલીને અટકી પડ્યો એટલે સુમિત્રા એના તરફ સાશંક દૃષ્ટિએ જોઈ રહી.

એને સમજ ના પડી કે લક્ષ્મણે કેવો વિચાર કરી લીધો છે ! જમીન તરફ જોઇ રહેલા લક્ષ્મણને ઉદ્દેશીને એણે પુછ્યું : 'તેં શો વિચાર કર્યો છે, લક્ષ્મણ ?'

'રામ તથા સીતાની સેવા કરવા માટે એમની સાથે વનમાં જવાનો.'

'વનમાં જવાનો ?'

'હા. વનમાં જવાનો મારો વિચાર કદાચ તમને નહિ રુચે પરંતુ મેં એવો નિર્ણય કર્યો છે. તમારી અનુજ્ઞા માટે હું અહિં આવી પહોંચ્યો છું, અને આશા છે કે તમારી અનુજ્ઞા મને મળી રહેશે.'



સુમિત્રા જરા વિચારમાં પડી. એને માટે લક્ષ્મણના શબ્દોમાં વ્યક્ત થયેલો ભાવ નવો ન હતો.

તો પણ એણે ઉર્મિલા સામે જોઇને પૂછ્યું. 'મારી અનુજ્ઞાની વાત તો બાજુ પર રહી, પરંતુ જેની સાથે તારું જીવન જોડાયેલું છે અને જે તારા સુખદુઃખની સહભાગિની છે તે ઉર્મિલાની આગળ તેં તારો વિચાર પ્રકટ કર્યો ? એની અનુજ્ઞા તને મળી ગઇ ? હું તો તારા વિચારને કદાચ સહાનુભૂતિથી સમજી શકીશ ને તારા વિયોગના દુઃખને સહન કરવાની શક્તિ મેળવી શકીશ, પરંતુ ઉર્મિલા એવા ઘોર દુઃખને શી રીતે સહી શકશે ? તેનો વિચાર કર્યો છે ?'

લક્ષ્મણે ઉર્મિલા તરફ દૃષ્ટિ કરી એટલે ઉર્મિલા બોલી : 'લક્ષ્મણે મારી આગળ પોતાનો વિચાર વ્યક્ત કરી બતાવ્યો છે, અને એ વિચાર સાથે મેં સંમતિનો સૂર પણ પૂરાવ્યો છે. એમના વનગમનનું દુઃખ મારે માટે અતિશય અસહ્ય હશે એ સાચું છે, છતાંપણ એમના આત્માને શાંતિ આપવાના આશયથી એ દુઃખને શાંતિપૂર્વક સહી લઇશ એવો મારો અભિપ્રાય મેં એમને કહી બતાવ્યો છે."

એમ કહીને ઉર્મિલાએ લક્ષ્મણ સાથેની વાતચીત વિસ્તારથી કહી બતાવી.

એ સાંભળીને સુમિત્રાના આશ્ચર્યનો પાર ના રહ્યો. એણે જણાવ્યું: "ઉર્મિલા, લક્ષ્મણને વનમાં જવાની અનુમતિ આપવાનું આવું અદ્દભુત કામ તારા વિના બીજું કોઇ ભાગ્યે જ કરી શકે. તને સૌથી પ્રથમ જોઇ ત્યારેજ મને થયેલું કે રાજા જનકને ત્યાં જન્મેલું તું એક જ્વાજવલ્યમાન મહામુલું રતન છે. સીતા કરતાં તારી યોગ્યતા સહેજપણ ઓછી નથી. દિવસો વીતતા ગયા તેમ મારી એ ભાવનાને પુષ્ટિ પણ મળી ગઈ. આજે એ ભાવના-

ના મંગલમય મંદિર પર જાણે કે સુવર્ણ કળશ ચઢ્યો. તારા શબ્દો સાંભળીને મને પ્રસન્નતા થઈ, પરંતુ લક્ષ્મણના વનગમનને લીધે તારે જે અનંત વેદના વેઠવી પડશે તેની કલ્પના તું કરી શકે છે?'

'કરી શકું છું. છતાંપણ મને એમની સાથે સંમત થવાનું યોગ્ય લાગ્યું છે. હું એમના હૃદયને જાણું છું. એ હૃદયમાં રામને માટે જે પવિત્ર પ્રેમનો પારાવાર પડેલો છે તેનો પણ પૂરેપૂરો પરિચય છે. એમને હું વનમાં જવાના વિચારનો પરિત્યાગ કરીને મારી સાથે અયોધ્યામાં રહેવાનો આગ્રહ કરું તો સંભવ છે કે મારા દુરાગ્રહને વશ થઈને એ અહિં રહી જાય, પરંતુ એ પરિસ્થિતિમાં પણ એમનું મન તો રામની પાસેજ ફર્યા કરે; અને રામને યાદ કરીને એ નિરંતર દુઃખી થાય. એમનું એ દુઃખ દેખીને હું પણ દુઃખી થઉં એના કરતાં રામની સાથે રહીને એ ભલે શાંતિ મેળવે તથા નિશ્ચિત થાય એવા વિચારથી પ્રેરાઈને જ મેં એમને અનુમતિ આપી છે.'

'પરંતુ ઉર્મિલા, વનવાસનો વખત સાધારણ કે થોડો નથી, પરંતુ પૂરા ચૌદ વરસનો છે, એનો વિચાર પણ કરી લીધો છે?'

'હા, વનવાસનો કાળ ચૌદ વરસનો છે તેની મને માહિતી છે. એ અવધિ લાંબી જરૂર છે, પરંતુ અનંતકાળની આગળ એ અવધિ પણ થોડી જ છે. એ વખત પણ જોત જોતામાં વીતી જશે, અને મારો એમને માટેનો પ્રેમભાવ સાચો હશે, તેમજ મારી નિષ્ઠા તથા શ્રદ્ધા ભક્તિમાં કોઈ દોષ નહિ હોય તો મને એમનો મેળાપ જરૂર થશે, અને પાછાં અમે આનંદ કરીશું. કર્તવ્ય પાલનના સંતોષને પરિણામે પ્રાપ્ત થયેલો એ આનંદ કોઈ અનેરોજ હશે.'



સુમિત્રાને શું બોલવું તેની સમજ ના પડી, એણે ઉર્મિલાને સાચા દિલથી વારંવાર ધન્યવાદ આપ્યા ને કહ્યું 'તને સાચેસાચ અભિનંદન ઘટે છે. લક્ષ્મણનો માર્ગ તારે લીધે સરળ બની ગયો ને નિરાપાદ બન્યો. સ્ત્રી પુરુષની અર્ધાંગિની છે. એ જો ધારેતો પુરુષના જીવનને સરળ પણ બનાવી શકે ને ધારેતો કઠિનપણ. એનો આધાર એના સંસ્કાર તથા એની સમજપર રહે છે. તારા જેવી આદર્શ પ્રેમમૂર્તિ પત્ની મળવા બદલ લક્ષ્મણને પણ ધન્યવાદ ઘટે છે. એ પણ ખરેખર ભાગ્યશાળી છે.'

સુમિત્રાના શબ્દો સાંભળીને ઉર્મિલા ગદ્ગદ બની ગઈ. એનાં લોચન ભરાઈ આવ્યાં. લક્ષ્મણ પણ લાગણીવશ બની ગયો. એ કશું બોલી ના શક્યો. ફક્ત ઉર્મિલા તરફ આભાર સૂચક નેત્ર નિહાળી રહ્યો. સુમિત્રા બોલી : 'તમે બંને જ્યારે સહમત છો, ત્યારે હું તમારી વચ્ચે નહિ આવું. મારું દુઃખ કાળજાને બનતું કઠણ કરીને સહી લઈશ. ઉર્મિલાનો ત્યાગ અને વૈરાગ્ય જોઈને મારા હૃદયને સમજાવીશ ને શાંતિ આપીશ. એનું જીવન મને પ્રેરણા પાશે, પ્રકાશ દેશે, અને મારે માટે આશ્રય અથવા આધાર-રૂપ બનશે. એને નિહાળીને મારાં નેહ નીતરતાં નેત્રોને શિતલ કરીશ, અને એના સહવાસમાં મનને મક્કમ રાખીને એને પણ શાંતિ ધરીશ.'

પછી લક્ષ્મણ તરફ જોઈને નેહ નીતરતાં ભીના નેત્ર કહેવા માંડી : 'લક્ષ્મણ, તારો નિશ્ચય જ છે તો તું રામ અને સીતા સાથે ભલે વિદાય થા. એ કાર્ય મંગલ છે ને મંગલ થઈ પડે એવી મારી અભિલાષા અને આશિષ છે. પુત્ર ગમે તેવો હોય તો પણ એનો વિયોગ માતા નથી સહી સકતી અને એ વિયોગને હાથે કરીને તો નથી જ વહોરી લેતી. છતાં પણ હું તને રજા આપું છું. રામની સેવા માટે સુખેથી જા, એ સેવા તારે માટે સુખકારક

હો ! રામ અને સીતાની સેવા મન મૂકીને કરતો રહેજે અને એમને જરાપણ દુઃખ ન પડે એનું ધ્યાન રાખજે. તારા સહવાસમાં એમનું દુઃખપણ હળવું થશે. જગતમાં બધું મળે છે, પણ ભાવ ભરેલો ભ્રાતા નથી મળતો. એને માટે જેટલો પણ ત્યાગ કરાય અથવા જેટલો પણ ભોગ અપાય એટલો ઓછો છે.'

લક્ષ્મણે સુમિત્રાના ચરણોમાં મસ્તક નમાવીને એમને આંસુથી ભીંજવતાં કહ્યું 'તમારી અનુજ્ઞા માટે તમારો ઋણી છું. તમારા જેવી જનની મેળવવા બદલ સાચેસાચ સૌભાગ્યશાળી છું. રામની સેવા મન મૂકીને કરીશ એમાં કોઇ જાતની શંકા નથી, પરંતુ તમારા બંનેની સ્મૃતિ તો મને રહેશે જ. વનમાં જઈશ તો પણ મારું મન તો તમારી પાસેજ રહેશે ને તમારી ચિંતા કર્યા કરશે.'

લક્ષ્મણ અતિશય લાગણીવશ થવાથી વધારે ના બોલી શક્યો.

રામ અને સીતાની પાસે આવીને લક્ષ્મણ અને ઉર્મિલા ઉભાં રહ્યાં, ત્યારે એમના મનની દશા વિચિત્ર હતી.

લક્ષ્મણે ઉર્મિલા તથા સુમિત્રા સાથેની વાતચીત સંક્ષેપમાં કહી બતાવી ત્યારે રામ તથા સીતા બંને સ્તબ્ધ થઇ ગયાં.

બંનેનાં અંતર ગદ્ગદ અથવા ભાવવિભોર બની ગયાં. બંનેને રોમાંચ થયાં અને બંનેની આંખમાંથી અશ્રુબિંદુ ટપકવા માંડ્યાં.

સીતાએ ઉર્મિલાને કહ્યું : 'લક્ષ્મણનો નિર્ણય કઠોર છે પરંતુ તારી અનુમતિ તો એથી પણ વધારે કઠોર લાગે છે. અયોધ્યાના ઈતિહાસમાં તારા ત્યાગનો જોટો નહિ જડે.'

રામ બોલ્યા: 'આવો ત્યાગ કોઇ સાધારણ આત્માથી તો થઇ જ ના શકે પરંતુ અસાધારણ કહેવાતા આત્માઓમાંથી પણ કોઇ વિરલ મહાસત્વશાળી આત્માજ કરી શકે. તને એને માટે ધન્યવાદ ઘટે છે, ઉર્મિલા !'

( ક્રમશઃ )

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

**Form-IV ( See Rule-8 )**

| | |
|---|---|
| 1. Place of Publication : | **'ADHYATMA'** plot No. 1688 B, Sardar nagar, Bhavnagar-1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani Indian. Plot No. 1688-B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and partners, share-holders holding more than one percent of the total capital. | The magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad-13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Dated. 10 th, March 1987

Narayan H. Jani
Publisher.

ॐ ADHYATMA Regd. No. GBV 113

# સાધનાનું મૂલ્ય સમજો

જીવન અત્યંત કીંમતી છે. પ્રત્યેક દિવસ ને પળનું મૂલ્ય મોટું છે. તેનો સદુપયોગ કરીને મનને પ્રભુ-સ્મરણમાં લગાડી દેવું જોઇએ. પ્રભુસ્મરણ સિવાયનો સમય અમૂલ્ય હોવા છતાં પણ વ્યર્થ વહી જાય છે. માટે સમજુ વ્યક્તિએ જીવનના સુવર્ણ સમયને પ્રભુ-પરાયણ કરવાની કોશીશ કરવી જોઇએ. એમ કરવાથી મન સ્થિર અને એકાગ્ર થઈ જાય છે, અંતઃકરણની શુદ્ધિ થાય છે ને તેમાં પ્રભુપ્રેમની પવિત્ર જ્યોત જાગી ઊઠે છે. પ્રેમની પ્રબળતા થતાં પ્રભુનું દર્શન થઇ જાય છે. ને જીવન કૃતાર્થ થાય છે. એવા ચોક્કસ વિવેકથી નામસ્મરણ કે બીજી કોઈ સાધનાનો આધાર લેવાની આવશ્યકતા છે. ત્યારે જ સાધક સાધનાનું મૂલ્ય સમજી શકે છે ને તેનો સ્વાદ મેળવવા ને તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા પોતાની સમગ્ર શક્તિને કામે લગાડે છે. ગમે તેવી મુસીબતો ને ગમે તેવાં પ્રલોભનથી ડર્યા કે ડગ્યા વિના આગળ ને આગળ ધપ્યે જાય છે.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨